જે ગચ્છમાં શ્રીમાન્ ઉદ્યોતનસૂરિ, વર્ધમાનસૂરિ, જિનેશ્વરસૂરિ, જિનચંદ્રસૂરિ, નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિ, અને આવશ્યક નિર્યુક્તિમાં કહેલ સ્થવિરાવલીની અંદર લખેલ નાગાર્જુન-ગોવિંદાચાર્ય આદિઓને અને બીજા શ્રી હરિભદ્રસૂરિ આદિને સ્વીકારીને શ્રી કલ્પસૂત્રની જે સ્થવિરાવલી એની વિરોધીની એવી પટ્ટાવલી કેમ રચે ? એ તમારે જ વિચારી લેવું.

હવે કોઈક મિત્રતાના દાવે પૂછે છે કે અરે ! આશ્ચર્યની વાત છે કે

તમારા ગ્રંથોના અનુસારે શ્રી જિનેશ્વરસૂરિથી 'ખરતર બિરુદ' થયું નથી, એમ અર્થથી પ્રાપ્ત થતું હોવા છતાં પણ જેવી રીતે ખરતરોના ગ્રંથોને વિષે ઔષ્ટ્રિક ગ્રંથોને વિષે તેનું-જિનેશ્વરસૂરિનું ખરતર બિરુદ થયું. એ પ્રમાણે સ્પષ્ટ લખ્યું છે, તો તમારા ગ્રંથોને વિષે જિનેશ્વરસૂરિનું તેવું 'ખરતર બિરુદ' નથી, એવું કોઈપણ ઠેકાણે કેમ લખ્યું નથી ? ત્યારે તેને કહેવું કે હે મિત્ર ! તેવા પ્રકારનું લખવું ત્યારે થાય કે વિપ્રતિપત્તિ વડે કરીને વિવાદ ઊભો થયે છતે આમ લખવાનું સંભવે અને તે આજ સુધી તેવા પ્રકારની વિપ્રતિપત્તિનો અભાવ જ હોવાથી તેવું લખવાનું ક્યાંથી હોય ?

અને વિવાદ ઉત્પન્ન થયે છતે તો લખવાનું થાય જ, જેમ અત્યારે મારા વડે લખાયું ! ઔષ્ટ્રિકને તો તેવા પ્રકારનું લખવું યાદચ્છિક એવા પોતાના નામની સહેતુકતા કરવાને માટે હોય જ, પરંતુ લખાણ માત્ર વડે કરીને સંતોષ ન કરવો, પરંતુ વિચાર કરવામાં સમર્થ એવા અર્થની પ્રાપ્તિ થયે છતે સંતોષ કરવો. જેવી રીતે દૂધના અભિલાષી આત્માઓએ નાના સ્તનવાળી એવી દૂધ દેનારી ગાય પુષ્ટિ માટે થાય છે, તેવી રીતે મોટા વૃષણવાળો બળદિયો થતો નથી. ઈત્યાદિ અનેક દૃષ્ટાંતો સ્વયં જાણી લેવા.

તેથી કરીને ખરતર પટ્ટાવલી આદિને અનુસારે શ્રી જિનેશ્વરસૂરિનું ખરતર બિરુદ શ્રદ્ધા કરવા લાયક નથી, પરંતુ પૂછતાં એવા આત્માઓની પાસે શ્રી જિનદત્તાચાર્ય વડે કરીને જ યાદચ્છિક નામ પ્રગટ કરાયું છે, એમ તાત્પર્ય જાણવું, **એ પ્રમાણે શ્રીમત્ તપાગચ્છરૂપી જે આકાશના ચોગાનમાં સૂર્ય સમાન શ્રી વિજયદાનસૂરિજીના શિષ્ય ઉપાધ્યાયશ્રી ધર્મસાગરગણિ વિરચિત ઔષ્ટ્રિકમતોત્સૂત્ર પ્રદીપિકામાં ઔષ્ટ્રિક નામ વ્યવસ્થાપના લક્ષણ નામનો પહેલો અધિકાર પૂર્ણ થયો.**

હવે બીજા અધિકારમાં ઔષ્ટ્રિક મતના ઉત્સૂત્રને ઉઘાડા કરીને આગમ સાક્ષીએ તેનો તિરસ્કાર કરાય છે. તેમાં ઉત્સૂત્ર ચાર પ્રકારે સંભવે છે. તે આ પ્રમાણે (૧) ન્યૂન ક્રિયા પ્રરૂપણરૂપ, (૨) અધિક ક્રિયા પ્રરૂપણરૂપ, (૩) અયથાસ્થાન પ્રરૂપણરૂપ અને (૪) વસ્તુવિતથ પ્રરૂપણરૂપ. આ ચારમાં કોકનું-કોઈક-કોઈકમાં અને કેટલાંક ભાંગાઓ સંભવે છે,

ઔષ્ટ્રિકમાં તો ચારેય પ્રકારના કષાયોથી પણ અનંત દુઃખ દેનારા એવા ચારેય ભાંગાઓ સંભવે છે. તે આ પ્રમાણે :

(૧) સ્ત્રીજિનપૂજાનિષેધ, (૨) જિનગૃહમાં નર્તકી નૃત્ય નિષેધ, (૩) ચતુષ્પર્વી સિવાય પૌષધ નિષેધ, (૪) માસકલ્પ વિચ્છેદ, (૫) છટ્ઠ અઠ્ઠમ આદિ તપોના સળંગ ઉચ્ચારનો નિષેધ, (૬) ગૃહસ્થોને પણ 'પાણસ્સ'ના આગારનો ઉચ્ચાર નિષેધ, (૭) સાંપ્રતકાલે શ્રાવક-શ્રાવિકાઓને પ્રતિમા તપનો નિષેધ, (૮) પૌષધિકોને મધ્યાહ્નકાળ સિવાય દેવવંદનનો નિષેધ, (૯) આચાર્ય સિવાય પ્રતિષ્ઠાનો નિષેધ, (૧૦) બે દ્રવ્યથી વધારે દ્રવ્ય ગ્રહણ કરીને આયંબિલ કરવાનો નિષેધ, એકાસણું આદિ તપ કરવાવાળાં અસમર્થ આત્માઓને પૌષધનો નિષેધ. આ વગેરે **ન્યૂન ક્રિયા નિરૂપણરૂપ** પહેલું ઉત્સૂત્ર જાણવું.

રાત્રિપૌષધિકોને રાત્રિના છેલ્લાં પ્રહરે સામાયિક કરવું. ૧, સામાયિક અને પૌષધ કરતાં શ્રાવકોને ત્રણ નવકાર ગણવા પૂર્વક ત્રણ વખત સામાયિક દંડકનો ઉચ્ચાર, ૨, સાધુને પણ ગૃહસ્થોને કહેલી વિધિ પ્રમાણે ઉપધાનનું વહન કરાવવું, ૩. એ **અધિક ક્રિયા પ્રરૂપણરૂપ**-બીજું ઉત્સૂત્ર જાણવું.

૧. હવે સામાયિક દંડક ઉચ્ચર્યા પછી તુરત જ ઇરિયાવહિયં પડિક્કમવી, ૨. ચૌદશના ક્ષયે પાક્ષિક પ્રતિક્રમણની ભૂમિકા સ્વરૂપ-જે ત્રયોદશીથી યુક્ત એવી-જે ચૌદશ છે તેમાં દૈવસિક પ્રતિક્રમણ કરવું, અને દૈવસિક પ્રતિક્રમણની ભૂમિકારૂપ એવી પૂનમમાં પાક્ષિક પ્રતિક્રમણ કરવું, ૩. તેવી રીતે ચૌદશની વૃદ્ધિમાં પાક્ષિક પ્રતિક્રમણની ભૂમિકા સ્વરૂપ જે બીજી ચૌદશ તેમાં દૈવસિક પ્રતિક્રમણ કરવું, અને દૈવસિક પ્રતિક્રમણ સ્વરૂપ પહેલી ચૌદશમાં પાક્ષિક પ્રતિક્રમણ કરવું, ૪. શ્રાવણ માસની વૃદ્ધિમાં પર્યુષણાની ભૂમિકા સ્વરૂપ-ભાદરવા સુદ ચોથની અપર્યુષણા કરવી, અને પર્યુષણાને અયોગ્ય એવા બીજા શ્રાવણ સુદ ચોથની પર્યુષણા કરવી, ૫. ભાદરવા માસની વૃદ્ધિમાં પર્યુષણાને યોગ્ય એવા બીજા ભાદરવા સુદ ચોથની પર્યુષણા નહિ કરવી, અને પર્યુષણાને અયોગ્ય એવી પહેલાં ભાદરવા સુદ ચોથને દિવસે પર્યુષણા કરવી, **આ અયથાસ્થાન ક્રિયાપ્રરૂપણરૂપ ત્રીજું ઉત્સૂત્ર જાણવું.**

હવે, ૧. મહાવીર સ્વામીના ગર્ભાપહારને છટ્ઠું કલ્યાણક કહેવું, ૨. આ લોકના કાર્ય માટે તીર્થંકરને ભોગ આદિ ધરવા તે માનવું તે લોકોત્તર મિથ્યાત્વ થતું નથી, ૩. આ લોકને માટે ચામુંડિકા-ક્ષેત્રપાલ આદિનું આરાધન કરવું, પંચ નદી આદિનું સાધન તે લૌકિક મિથ્યાત્વ નથી થતું, ૪. સાંગરિક

અને બુબ્બુલ આદિ વિદલ થાય છે, ૫. વાસી-વિદલ અને પૂરી આદિનું ગ્રહણ કરવું તે દોષ માટે નથી, ૬. સાધુ-સાધ્વીઓ સાથે વિહાર યુક્ત નથી. એ પ્રમાણે **વિતથવસ્તુપ્રરૂપણરૂપ ચોથું ઉત્સૂત્ર જાણવું.**

સ્ત્રીઓને જિનપૂજાનો નિષેધ, જ્ઞાતાધર્મકથાંગ તથા ઉત્તરાધ્યયન આદિની સાથે વિરુદ્ધ છે. જેથી કરીને ત્યાં દ્રૌપદી અને પ્રભાવતી આદિ સ્ત્રીઓએ કરેલી જિનપૂજા સકલ જન પ્રસિદ્ધ જ છે, વળી ભગવાનની પૂજાના વૈરી એવા શ્રી જિનદત્ત આચાર્યે સ્ત્રીઓની અપાવિત્ર્યતાના કારણે જેવી રીતે જિનેશ્વર ભગવાનની પૂજા નિષેધી છે, તેવી રીતે તે સ્ત્રીઓના હાથે સંસ્કાર પામેલું પોતાનું અન્ન ભક્ષણ અને કરાતું ઓદન આદિનું દાન એ કેમ ન નિષેધ્યું ? ઇત્યાદિ પ્રતિબંદીરૂપ દોષો પોતે જ જાણી લેવા. એ પ્રમાણે આગળ પણ પ્રાયેઃ ઘણું કરીને 'કિંચ' ઇત્યાદિ વાક્ય વડે કરીને પ્રતિબંદી દોષ જાણી લેવા.

જિનગૃહને વિષે નર્તકી નૃત્યનો નિષેધ, શ્રી રાજપ્રશ્નીય ઉપાંગ આદિથી વિરુદ્ધ છે. કારણ કે ત્યાં સૂર્યાભદેવે પોતે જ કુમાર કુમારીઓ વિકુર્વીને નાટક કરેલું છે ! વળી જિનદત્ત વડે કરીને વીતરાગના ભવનમાં સ્ત્રીનૃત્યનો જેવી રીતે નિષેધ કરાયો તેવી રીતે સરાગી=રાગયુક્ત એવા પોતાના સ્થાનમાં સ્ત્રીપ્રવેશનો પણ નિષેધ કેમ ન કરાયો ?

ચતુઃપર્વી વિના પૌષધનો નિષેધ, તત્ત્વાર્થભાષ્યવૃત્તિ અને વિપાક શ્રુત આદિની સાથે વિરુદ્ધવાળો છે. કારણ કે તત્ત્વાર્થભાષ્યવૃત્તિ વિષે પડવા આદિ અપર્વ તિથિને વિષે અનિયમે પૌષધ કરવા એ પ્રમાણે લખેલું છે, અને વિપાક શ્રુતની અંદર સુબાહુ કુમાર આદિએ પણ ત્રણ પૌષધ કરેલાં છે. વળી ચતુષ્પર્વીની અંદર નિયમ કરતાં સંવરસ્વરૂપ પૌષધના પ્રાયશ્ચિત્તરૂપ બે પ્રતિક્રમણના દૃષ્ટાંત વડે કરીને શેષ અતિથિઓને વિષે પૌષધનો નિષેધ કરતાં આઠમ-ચૌદશ આદિ તિથિઓને વિષે જ નિશ્ચયપૂર્વક કરતાં ઉપવાસ આદિ તપનો શેષતિથિને વિષે એટલે કે અપર્વતિથિને વિષે પોતાનો કરાતો જે અતિથિ સંવિભાગ એ પણ કેમ ન નિષેધ્યો ? અને તેનો નિષેધ કરેલો જ નથી, તથા અપર્વરૂપી એવી નોમ આદિ તિથિને વિષે સ્પષ્ટ રીતે અતિથિ સંવિભાગ કરાતો હોવાથી તેનો પ્રત્યક્ષ અપલાપ કરવાનું અશક્યપણું હોવાથી.

માસકલ્પ આદિના વિચ્છેદની વાત, શ્રી સ્થાનાંગસૂત્ર આદિની વિરુદ્ધતાવાળી વાત છે, તેથી કરીને તે સ્થાનાંગસૂત્રમાં :

**पंचविहे उवघाए पं. त्तं. उग्गमोवघाए, उप्पायणओवघाए, एसणोवघाए, परिकम्मोवघाए परिहरणोवघाएत्ति ।**

પાંચ પ્રકારનો ઉપઘાત કહેલો છે, તે આ પ્રમાણે : ૧. ઉદ્ગમ ઉપઘાત, ૨. ઉત્પાદના ઉપઘાત, ૩. એષણા ઉપઘાત, ૪. પરિકર્મ ઉપઘાત અને ૫. પરિહરણોપઘાત. તેમાં પરિહરણોપઘાત પદની વૃત્તિમાં 'વસતિ પણ માસ-ચાર માસ ઉપર કાલાતિક્રાંત' એ પ્રમાણે કહેલું છે. અને તેવી જ રીતે બે મહિના, બે ચોમાસા નહિ છોડીને ફરી તે સ્થાને રહેવામાં ઉપસ્થાન થાય છે.

તેમાં વિચારવાનું એ છે કે જો માસકલ્પ વિચ્છિન્ન થયેલો હોત તો વૃત્તિકારે કાંઈક વિશેષ લખ્યું હોત, પરંતુ તેવું લખ્યું નથી, પરંતુ માસથી વધારેની સ્થિતિમાં વસતિ હણાય છે એમ લખ્યું છે !

વળી નિત્યવાસના લંપટી એવા જિનદત્ત આચાર્ય વડે કરીને જેમ માસકલ્પ વિચ્છેદ થયો છે એમ જે કહેવાયું તેવી રીતે શીતલ જલ આદિના પરિભોગવડે કરીને શાતાગારવાની લાંપટ્યતા હોવાથી વર્તમાન ચારિત્ર પણ વિચ્છિન્ન છે એમ કહીને હે લોકો ! 'હું ચારિત્રી નથી' એમ કેમ ન કહ્યું ? ॥૪॥

છઠ્ઠ-અઠમ આદિ તપનો સળંગ ઉચ્ચારનો નિષેધ કરે છે તે કલ્પસૂત્ર આદિની સાથે વિરુદ્ધતાવાળો છે, કારણ કે સંલગ્ન ઉચ્ચારના અભાવે છઠ્ઠ અઠ્ઠમ આદિ તપ નિમિત્તે ગુરુની આજ્ઞા માંગવાનું વ્યર્થતા પામે છે. હંમેશા એક ઉપવાસની આજ્ઞાનું સફળપણું હોવાથી.

તેવી જ રીતે 'આ સાધુ છઠ્ઠતપવાળો છે, આ સાધુ અઠમ તપવાળો છે' ઇત્યાદિનો વ્યવહાર પહેલાં દિવસે ન થાય, પરંતુ હંમેશા જુદો જુદો ઉપવાસ કરવાથી 'આ ઉપવાસી છે' એવો વ્યવહાર કરવો તે શ્રેષ્ઠ છે, અને તેવી રીતે ચોમાસી પ્રતિક્રમણમાં **छट्ठेणं०** એ પ્રમાણે ગુરુ મહારાજનું વચન હોવાથી, શિષ્ય વડે કરીને ક્યારે પણ 'તપ કર્યો છે' એવું કહેવાનું નહિ થાય, પરંતુ 'તહત્તિ' એ પ્રમાણે કહેવાનું થશે, અને તે અયુક્ત છે. એ પ્રમાણે પોતે વિચારી લેવું.

અને જો કોઈક આ પ્રમાણે પ્રશ્ન કરે કે : સંલગ્ન ઉચ્ચાર કરવામાં હંમેશા જે છ આવશ્યકો કરવાનાં છે, એને સત્ય કરી બતાવાતા નથી, કારણ કે પચ્ચક્ખાણ પ્રથમ દિવસે જ કરેલું હોવાથી.

ત્યારે તેને આ પ્રમાણે કહેવું કે હે દેવાનુપ્રિય ! જો એમ છે તો ચોવીહારો ઉપવાસ પણ સવારે કરવાનું નહિ થઈ શકે, પચ્ચક્ખાણનું સવારમાં જ કરવાપણા વડે કરીને સાંજના ટાઈમે છ આવશ્યકનું સત્યાપન કરવાનો અસંભવ હોવાથી, તેથી કરીને હવે શું કરવું ? એમ જો પૂછતો હોય તો મિત્ર ભાવે સાંભળ, કૃત્યનું કરેલાપણા વડે કરીને કરેલા પચ્ચક્ખાણમાં પણ છ આવશ્યકની સ્થાપના થઈ જાય છે.

વળી પોતાની શક્તિ-અશક્તિના સંદેહથી સંલગ્ન ઉચ્ચારના અભાવમાં મહાવ્રતના ઉચ્ચારમાં પણ તે પ્રમાણે જ આચરણ કરવું જોઈએ, અને તેવી રીતે જિનદત્તનો હંમેશા **પ્રવ્રજ્યા મહોત્સવ** સિદ્ધ થાય છે, એ મોટું આશ્ચર્ય છે.

ગૃહસ્થીઓને 'પાણસ્સ'નો આગાર ઉચ્ચરાવવાનો જે નિષેધ કરે છે તે પ્રત્યાખ્યાનરૂપ આવશ્યકસૂત્રની સાથે વિરુદ્ધતાવાળું છે. ગૃહસ્થોને ભિન્ન એવી પ્રત્યાખ્યાનવિધિનું કોઈપણ ઠેકાણે દર્શન થતું નહિ હોવાથી; પરંતુ પારિષ્ટાપનિકા આગારના નિષેધમાં પણ ગૃહસ્થોને પાઠના ઉચ્ચારનો સ્વીકાર કરેલો દેખાય છે. જેવી રીતે સાધુઓને સવારના પ્રતિક્રમણમાં ગોચરી આલોવવાનો પાઠ ! વળી કેવલ કસેલકના પાણીનું ગ્રહણ કરનારા જિનદત્તને જ તેનો નિષેધ યોગ્ય છે. ॥૬॥

શ્રાવકની પ્રતિમા તપનો નિષેધ તો પ્રવચન સારોદ્ધાર આદિ ગ્રંથોની સાથે વિરુદ્ધ છે. કારણ કે તે ગ્રંથોમાં શ્રાવક પડિમા તપનો વિધિ કહેલી છે, પરંતુ શ્રાવક પ્રતિમા તપ વિચ્છિન્ન થયો છે એવું કોઈપણ ઠેકાણે દેખ્યું નથી. વળી જો પાંચમા ગુણસ્થાનકવર્તિ એવા શ્રાવકોને પ્રતિમા તપની વિધિ વિચ્છિન્ન થઈ ગયો છે તો સંહનન=સંઘયણ આદિ સામગ્રીની તુલ્યતા હોયે છતે પણ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકવર્તિ એવા પોતાના આત્માને માનતા એવા તારા માટે સર્વવિરતિનો આચાર કેમ વિચ્છિન્ન ન થયો ?

કારણકે આગળના જે ગુણસ્થાનકના કારણરૂપ એવા સંઘયણ આદિનો

વિચ્છેદ થતે છતે જ કેવલ આગળના ગુણસ્થાનવર્તિ જે વિધિ છે તે ઉચ્છેદ થાય, જેવી રીતે કેવલજ્ઞાનની સામગ્રીનો વિચ્છેદ થયે છતે જ ક્ષાયિક સમ્યક્ત્વની સામગ્રીનો વિચ્છેદ થાય છે. ॥૭॥

પૌષધિકોને મધ્યાહ્ન કાળ સિવાય દેવવંદનનો નિષેધ તો શ્રાવકના આચારના પ્રકાશક એવા સર્વગ્રંથોની સાથે વિરુદ્ધ છે. જેથી કરીને જઘન્યાદિ શ્રાવકોની નિયત કર્તવ્યતામાં ત્રણેય સંધ્યાએ જિનપૂજા અને ચૈત્યવંદન આદિ કહેલું છે, મહાનિશીથના ત્રીજા અધ્યયનમાં જણાવેલ છે-

**'अज्जप्पभिई जावज्जीवं तिकालिअं अणुदिणं अणुत्तावलेगग्गचित्तेणं चेइए वंदिअव्वा, इणमेव सो मणुअत्ताओ असूइअसासयखणभंगुराओ सारंति। तत्थ पुव्वण्हे ताव उदगपाणं न कायव्वं जाव चेइए साहूए न वंदिए, तहा मज्झण्हे ताव असणकिरियं न कायव्वं जाव चेइए न वंदिए, तहा अवरण्हे चेव तहा कायव्वं जहा अवंदिएहिं चेइएहिं नो संज्झाकालं अइक्कमेज्ज! एवं च अभिग्गहबन्धं काऊण जावज्जीवाए ताहे अ गोअमा! एयाए चेव विज्जाए अभिमंतिआओ सत्तट्ठगन्धमुट्ठिओ तस्सुत्तमंगे नित्थारगपारगो भवेज्जासित्ति उच्चारेमाणेणं गुरुणा घेत्तव्वाउत्ति'**

**અર્થ :** આજથી માંડીને જાવજજીવપર્યંત હંમેશને માટે ત્રણ કાલ ધીરજથી અને એકાગ્રચિત્તે ચૈત્યને વાંદવા, આ જ અશુચિ-અશાશ્વત-ક્ષણભંગૂર એવા મનુષ્ય જન્મનો સાર છે, તેમાં પૂર્વાહ્ન કાલે-જ્યાં સુધી ચૈત્યને અને સાધુને ન વંદાય ત્યાં સુધી પાણી પણ પીવું ન કલ્પે, તેવી રીતે મધ્યાહ્નકાલે જ્યાં સુધી ચૈત્ય અને સાધુને ન વંદાય ત્યાં સુધી અશન ક્રિયા નહિ કરવાની, એવી જ રીતે અપરાહ્નકાલે-ચૈત્યને વાંદ્યા સિવાય-સંધ્યા ન અતિક્રમવી. અને એ પ્રમાણે જાવજજીવને માટે અભિગ્રહ બંધ-ઉચ્ચરીને ત્યાર પછી હે ગૌતમ ! આ જ વિદ્યાથી અભિમંત્રિત એવી સાત-આઠ ગંધમુષ્ઠીઓ એના ઉત્તમાંગે 'નિત્થારગ પારગો ભવ' એ પ્રમાણે બોલવાપૂર્વક નાંખવી, અને તે વાત આગમના અવિરોધે કરીને પૌષધિકોને પણ યુક્ત જ છે. અને જે ચૈત્યવંદનોની સાત સંખ્યાના ભંગની ભીતિએ કરીને ઉભય સંધ્યાકાલના દેવવંદનને છોડી

દેવા, તે અનુપાસિત ગુરુકુલવાસના પરિણામની નિશાની છે. કારણ કે તે કુવિકલ્પન=ખરાબ વિચારવું તે અને જે ભોજન કરવાની ઇચ્છાવાળા જે છે તે પૌષધિકોને જ સંભવે છે, તે સિવાયના તિવિહાર-ચઉવિહાર ઉપવાસવાળાને નહિ, કારણ કે તે પ્રમાણેના કુવિકલ્પમાં છ અથવા પાંચ ચૈત્યવંદનો થતાં હોવાથી પોતાના ગળામાં જ મોજડી આવવાનો સંભવ છે. અને જે સાધુ ચૈત્યવંદનના અનુસારે પૌષધિકોની પ્રવૃત્તિ કહે છે તે પણ યુક્ત નથી, સાધુની અપેક્ષાએ કરીને ભિન્ન પ્રકારે જ તેઓનું જણાવેલ હોવાથી, તે આ પ્રમાણે :

**'पडिक्कमणे चेईअ जिमण चरिम पडिक्कमण सुअण पडिबोहे ।**
**चेइवंदण इअ जइणो सत्त उ वेला अहोरत्ते' ॥१॥**

પ્રતિક્રમણમાં-ચૈત્યવંદનમાં, જમવામાં, છેલ્લું પડિક્કમણું ને સૂતી વખતનું અને સવારે જાગતાનું એ પ્રમાણે સાધુને સાત ચૈત્યવંદન અહોરાત્રમાં હોય છે. આ સાધુની મર્યાદા કહેલી છે, અને શ્રાવકોને તો -

**'पडिक्कमउ गिहिणो वि हु सगवेला पंचवेल इअरस्स ।**
**पूआसु तिसंज्झासु अ होइ तिवेलं जहण्णेणं' ॥१॥**

ગૃહસ્થીઓને પણ સાતવેલા અને બીજાને પાંચવેલા અને ત્રણ સંધ્યાની પૂજાવેલાએ જઘન્યથી ત્રણ ચૈત્યવંદન તેમાં આ ભેદ છે : સાધુઓને ભોજન સંબંધી બે ચૈત્યવંદન કહેલા છે, અને તે શ્રાવકોને જઘન્ય આદિમાં ત્રણે ભેદોમાં કોઈપણ ઠેકાણે કહેલું નથી, અને જે શ્રાવકોને ઉભય સંધ્યાએ ચૈત્યની સન્મુખ બે ચૈત્યવંદનો કહેલા છે, તે સાધુને માટે કહેલાં નથી, તેથી કરીને શ્રાવકો વડે કરીને ચૈત્યવંદનના અધિકારમાં સાધુના આચારોને અનુસરવાનું નથી. સાધુનું અનુકરણ ત્યાં જ કરવાનું છે કે જ્યાં નામ ગ્રહણ કરવાપૂર્વક ભિન્ન વિધિ જણાવેલો ન હોય ત્યાં. તેવી જ રીતે ઉભય સંધ્યાના દેવવંદનાનો ત્યાગ કરતો એવા જઘન્ય શ્રાવકના આચારને પણ આરાધ્યો ન કહેવાય ! પછી ઉત્કૃષ્ઠ આચાર આરાધવાની તો વાત જ ક્યાં ?

કારણ કે પ્રવચનના અવિરોધ વડે કરીને જઘન્ય આચારનું આરાધન કરતો જ ઉત્કૃષ્ટ આચારનો આરાધક થાય છે, જેવી રીતે ઉત્કૃષ્ટ એવો શ્રાવક,

જઘન્ય એવું શ્રાવકસ્વરૂપને જ જિનેશ્વર ભગવંતે કહેલ તત્ત્વ અને અર્થની શ્રદ્ધાને નહિ ઓળંગતો જ, અન્યથા નહિ. ઔષ્ટ્રિકોએ તો પૌષધિકોનો જઘન્ય આચાર પણ છોડાવી દીધો છે, તે મોટું સાહસ છે.

વળી સાધુઓને જે સાત સંખ્યાનો નિયમ કહેલો છે તે પણ હંમેશને માટે સામાન્ય પ્રયોજનને આશ્રીને જાણવો, અને પ્રયોજન વિશેષે તો ન્યૂનાધિકપણામાં દોષ નથી. ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવાપૂર્વકના ઉપવાસવાળાઓને યાવત્ ચૈત્યાલયમાં ચૈત્યવંદનો કરનારાઓને વિષે તેવા પ્રકારનું દર્શન થતું હોવાથી યાવત્ ચૈત્યાલયમાં ચૈત્યવંદનો ઘણાં થતા હોય તો પણ એક જ ગણાય છે; તો 'ત્રણ સંધ્યાના ત્રણે ચૈત્યવંદનને એક ગણો' ઈત્યાદિ પ્રશ્નોત્તરનું વિધાન સ્વયમેવ કરી લેવું અને તેથી કરીને ગણધર ભગવંતો આદિ આચાર્યની પરંપરામાં આવેલું જે છે તે તે રીતે જ આચરવું તેમાં શ્રેય છે, એમ વિચારીને પોતાની મતિકલ્પના વડે આત્માને ખેદ પમાડવો નહિ. ॥૮॥

આચાર્ય સિવાય પ્રતિષ્ઠાનો જે નિષેધ છે તે પ્રતિષ્ઠાકલ્પ આદિની વિરુદ્ધ છે, તેમાં=તે કલ્પમાં ઉપાધ્યાય આદિને પણ અનુજ્ઞાત હોવાથી-શ્રી શત્રુંજય માહાત્મ્યને વિષે સામાન્ય સાધુ વડે પણ પ્રતિષ્ઠા કરાઈ છે. ॥૯॥

ગૃહસ્થીઓને આયંબીલમાં બે દ્રવ્યથી અતિરિક્ત દ્રવ્યોનો નિષેધ તો સાધુની અપેક્ષાએ ભિન્ન પ્રકારે કરીને કોઈપણ સ્થાને થતો નહિ હોવાથી સર્વ આગમથી વિરુદ્ધ છે. ॥૧૦॥

પૌષધિકોને ભોજન નિષેધ તો શ્રી આવશ્યકચૂર્ણિ આદિને વિષે વિરુદ્ધ છે કારણ કે તે આવશ્યકચૂર્ણિમાં પૌષધિકોને ભોજન વિધિ કહેલો છે. ॥૧૧॥

અહીં જે કોઈ આ પ્રમાણે વિચારે છે કે 'આશ્ચર્યની વાત છે કે આયંબિલ કરનારાઓને બે દ્રવ્યથી અતિરિક્ત દ્રવ્યના નિષેધમાં અને પૌષધિકોના ભોજન નિષેધમાં ક્રિયાનું ન્યૂનત્વ કેવી રીતે ? અર્થાત્ ઉગ્રત્વ જ જણાય છે' એમ કહેનારો અજ્ઞાનીશેખર જાણવો, કારણ કે ત્યાં ન્યૂનપણું હોવા છતાં પણ ઉગ્રપણું જાણે છે તે આ પ્રમાણે :

બે દ્રવ્યો વડે જ આયંબીલ કરવું અધિક નહિ, એ પ્રમાણે કહે છતે ત્રણ ચાર આદિ યાવત્ ખપતાં દ્રવ્યોના ભેદથી ભિન્ન ભિન્ન એવા જે અનેક આયંબીલોના વિધાનો છે તેનો નિષેધ કર્યો ! પૌષધિકોના ભોજન નિષેધમાં એકાસણાદિ ભેદ ભિન્ન એવા અનેક પૌષધોનો નિષેધ કર્યો, અને અનેક આયંબીલ અને અનેક પ્રકારના પૌષધોમાંથી એક એક ભેદ સ્વીકારીને બીજા ભિન્ન ભિન્ન ભેદોનો તિરસ્કાર કરનારો ન્યૂનક્રિયા પ્રરૂપક કેમ ન થાય ?

જો આમ ન હોય તો તિવિહાર અને ચોવિહાર ઉપવાસ, એ બંનેમાંથી એક ચોવિહારા ઉપવાસના ભેદને સ્વીકાર કરનારો પણ ઉગ્રક્રિયા પ્રરૂપક થશે, અને તેવી રીતે તો તે અભિનવ તીર્થંકર થાય છે. એટલે કરીને ન્યૂન ક્રિયા પ્રરૂપણરૂપ ઉત્સૂત્રનું નિરાકરણ કર્યું છે.

હવે અધિક ક્રિયા પ્રરૂપણરૂપ ઉત્સૂત્રનું નિરાકરણ કહેવાય છે. તેમાં રાત્રિ પોષાતીઓને રાત્રિના છેલ્લા પહોરે સામાયિક કરાય, તે સામાયિકસૂત્રની સાથે પણ વિરોધવાળું છે. કારણ કે તેમાં 'જાવ પોસહં પજ્જુવાસામિ' એ પ્રમાણેના ઉચ્ચારણ વડે કરીને પૌષધની અવધિ સુધીનું સામાયિક ઉચ્ચર્યું, અને તે પૌષધની અસમાપ્તિમાં જ ફરી તે સામાયિકનું ઉચ્ચરવું તે સૂત્રની સાથે એટલે કે **'जाव पोसहं'**ની સાથે વિરુદ્ધ છે.

જો આમ ન હોય તો મર્યાદા બાંધવાની વ્યર્થતા થાય છે અને *'જાવ પોસહં'*ના બદલે *'પચ્છિમરત્તિં પજ્જુવાસામિ'* એ પ્રમાણેના પાઠ ઉચ્ચારનો પ્રસંગ ઊભો થાય છે, વળી પૌષધની અવધિ સુધીનું કરેલું-ઉચ્ચરેલું સામાયિક પણ પૌષધની સમાપ્તિ પહેલાં પણ સમાપ્ત થઈ ગયું, એ પ્રમાણેની બુદ્ધિ વડે કરીને નવીન સામાયિક કરાવતાં એવા જિનદત્ત આચાર્ય વડે કરીને જાવજ્જીવની અવધિવાળું=ચારિત્ર પણ 'કેટલાક કાલ'ની અવધિ વડે કરીને જાવજ્જીવની પહેલાં વારંવાર કેમ ઉચ્ચરાતું નથી ? ॥૧॥

સામાયિક અને પૌષધ કરતાં એવા શ્રાવકોને ત્રણ નવકાર ગણવાપૂર્વક સામાયિક દંડક અને પૌષધ દંડકનો પાઠ ત્રણવાર ઉચ્ચરાવવો તે આવશ્યક ચૂર્ણિ આદિની સાથે વિરુદ્ધવાળો છે. કારણ કે ત્યાં એવા પ્રકારનું ઉચ્ચારણનું દર્શન નહિ થતું હોવાથી.

વળી બાર વ્રત અને મહાવ્રત ઉચ્ચરાવવાના દૃષ્ટાંત વડે કરીને ત્રણ

ત્રણ વખત ઉચ્ચરાવવામાં શોભન મુહૂર્ત જોવા પૂર્વક નંદીકરણ, વાસક્ષેપ આદિ અને શિરોમૂંડન આદિનો પ્રસંગ હોય છે.

વળી ઉચ્ચાર માત્ર વડે કરીને શ્રાવકોને ક્રિયાની ઉગ્રતા પ્રકાશતા એવા જિનદત્તવડે કરીને આવશ્યકાદિની અંદર સામાયિક દંડક પોતે જ કેમ ત્રણ વખત નથી ઉચ્ચરતો ? મહાવ્રતના દૃષ્ટાંતનો અહીંયા પણ સંભવ હોવાથી. ॥૨॥

સાધુઓને ઉપધાન વહેવા તે આવશ્યક યોગની સાથે વિરુદ્ધ છે. કારણકે છ આવશ્યક આરાધવાને માટે જ ઉપધાન ઉદ્વહન કરાય છે, અને તે આવશ્યકના યોગ વડે કરીને જ સિદ્ધ થઈ જાય છે. તેથી કરીને તે ઉપધાનનું ઉદ્વહન કરવું અધિક જ છે. વળી ગૃહસ્થના તપવિધિ વડે કરીને પણ આવશ્યકનું આરાધન કરતાં એવા જિનદત્ત વડે કરીને પૌષધગ્રહણ વિધિ વડે કરીને ચતુષ્પર્વી પણ કેમ નથી આરાધાતી ? ॥૩॥

ઇત્યાદિ અધિક ક્રિયા પ્રરૂપણરૂપ ઉત્સૂત્રનું નિરાકરણ કર્યું.

હવે અયથાસ્થાન ક્રિયા પ્રરૂપણરૂપ ઉત્સૂત્રનું નિરાકરણ કહેવાય છે, તેમાં સામાયિકોચ્ચાર = સામાયિક ઉચ્ચર્યા પછી તુરત જ ઇરિયાવહિયં કરવા તે મહાનિશીથ આદિની સાથે વિરુદ્ધ છે. જેથી કરીને સૂત્રમાં કહ્યું છે કે : **'गोयमा ! अपडिक्कंताए इरियावहिआए न कप्पइ चेव किंचिवि चेइअवंदणसज्झायज्झाणाइअं काउ'मिति ॥'**

હે ગૌતમ ! ઇરિયાવહિયં પડિકમ્યા સિવાય-ચૈત્યવંદન-સ્વાધ્યાય આદિ કાંઈ પણ કરવું કલ્પતું નથી, એમ લખેલું છે, તેથી કરીને સામાયિક ઉચ્ચર્યા પહેલાં ઇરિયાવહિયંનું સ્થાન છે, અને તે સ્થાન છોડી દઈને સામાયિક ઉચ્ચર્યા પછી તુરત જ ઇરિયાવહિયંનું સ્થાપન કરવું તે અયથાસ્થાન સ્થાપન છે, અને તે મહાપાપ છે. કોઈપણ એવો આત્મા નથી કે ખાધા પછી દાંતણ કરતો હોય, અથવા નવા અંકૂરા ફૂટી ગયા પછી હળવડે કરીને ખેતર ખેડતો હોય !! ઇત્યાદિ વિપરીત દૃષ્ટાંતો સ્વયં જાણી લેવા.

હવે કોઈક અલ્પમતિ, 'સામાયિક કર્યે છતે રાજા આદિના ઉપરોધ વડે કરીને પણ બીજે જવાને શક્તિમાન ન થઈ શકતો હોય, તેથી કરીને પહેલાં

જ સામાયિકનો ઉચ્ચાર કરવો યુક્ત છે' એ પ્રમાણે કુયુક્તિ ઉદ્ભવાવે છે, અને તેમ કહેનારે પૌષધ-ચારિત્ર આદિના ઉચ્ચારમાં પણ એ પ્રમાણે કરવું જ જોઈએ, કારણકે તેમાં પણ એવા પ્રકારના કારણોનો સંભવ હોવાથી. ઇત્યાદિ પ્રતિબંદી દોષ વડે કરીને જ તેનો તિરસ્કાર કરી નાંખવો, અને જે પછી ઇરિયાવહિયં પડિક્કમવામાં આવશ્યક ચૂર્ણિ આદિનું દર્શન કરાવે છે તેઓ તે આવશ્યચૂર્ણિ વડે કરીને જ તિરસ્કાર કરવાલાયક છે. કારણ કે ત્યાં **जाव साहू पज्जुवासामि**' એ પ્રમાણે કરીને **जइ चेइआइं अत्थि तो पढमं वन्दति ॥** એટલે કે યાવત્ સાધુની પર્યાપાસના કરું છું. એ પ્રમાણે કરીને જો ચૈત્ય આદિ હોય તો પહેલાં વંદન કરે, એ પ્રમાણેના આલાવામાં સામાયિક ઉચ્ચર્યા પછી તુરત જ ચૈત્યગમન કહ્યું છે, અને ત્યાંથી આવીને ઇરિયાવહિયં પડિક્કમવી, અને તે ઇરિયાવહિયં સામાયિક સંબંધીની થતી નથી તે જાણી લેવું. અહીં ઘણી ઉક્તિઓ મારી બનાવેલી તત્ત્વતરંગિણીમાંના સભ્યાશંકાનિરાકરણવાદથી જાણી લેવી. ॥૧॥

ચૌદશના ક્ષયે પૂનમનો સ્વીકાર કરવો અને ચૌદશની વૃદ્ધિ હોય ત્યારે પહેલી ચૌદશનો સ્વીકાર કરવો, તે પરંપરાગત એવા ઉમાસ્વાતિ વાચક મહારાજ આદિના વચનોની સાથે વિરુદ્ધ છે. ઉમાસ્વાતિ વાચક મહારાજનું વચન આ પ્રમાણે છે :

**'क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा ।**
**श्रीमद्वीरस्य निर्वाणं, ज्ञेयं लोकानुसारतः ॥१॥**

અને સમસ્ત જ્યોતિષ શાસ્ત્રની સાથે પણ વિરુદ્ધ છે. અહીંયા ઉક્તિઓ ગ્રંથાંતરથી અથવા તો **તત્ત્વતરંગિણી**થી જાણી લેવી. ॥૨-૩॥

હવે મહિનાની વૃદ્ધિમાં પહેલો માસ પ્રમાણ તરીકે સ્વીકારવાની વાત નિશીથચૂર્ણિ-દશવૈકાલિક વૃત્તિ આદિની સાથે વિરુદ્ધ છે. કારણ કે તેમાં=તે ગ્રંથોમાં ભાદરવા સુદ ચોથને દિવસે જ પર્યુષણાકૃત્ય કહેલું છે, અને વધેલો માસ કાલચૂલા તરીકે કહેલ છે, અહીંયા પણ ઘણી ઉક્તિઓ, ગ્રંથ ગૌરવના ભયથી લખતો નથી, એથી કરીને ગ્રંથાંતરથી જાણી લેવી અને કેટલીક તો **તત્ત્વતરંગિણી**માં મારા વડે કહેવાયેલ છે, એ પ્રમાણે જાણવું. ॥૫॥

એ પ્રમાણે અયથાસ્થાનક્રિયા પ્રરૂપણરૂપ ઉત્સૂત્રનું નિરાકરણ જણાવ્યું.

હવે વિતથ વસ્તુ સ્વરૂપ પ્રરૂપણરૂપ ઉત્સૂત્રનું નિરાકરણ કહે છે, તેમાં શ્રી મહાવીર પરમાત્માના છ કલ્યાણકની પ્રરૂપણા જે છે તે શ્રી હરિભદ્રસૂરિજી પ્રણીત **પંચાશકાદિ**ની વિરુદ્ધ છે, કારણ કે તે ગ્રંથમાં મહાવીર દેવના પાંચ જ કલ્યાણકો કહેલાં છે, અને અભયદેવસૂરિ મહારાજે તેવી જ રીતે વિવેચન કરેલાં છે :

**आसाढसुद्धछट्ठी चेत्ते तह सुद्धतेरसी चेव ।**
**मग्गसिरकिण्हदसमी वइसाहे सुद्धदसमी य ॥१॥**
**कत्तियकण्हे चरिमा गब्भाइदिणा जहक्कमं एते ।**
**हत्थुत्तरजोएणं चउरो तह सातिणा चरमो ॥२॥**

**हरि०यात्राविधिपञ्चाशके ।**

તે આ પ્રમાણે અષાઢ સુદ-૬, ચૈત્ર સુદ-૧૩, માગશર વદ-૧૦, વૈશાખ સુદ-૧૦ અને કાર્તિક વદી અમાવાસ્યા, છેલ્લા તીર્થંકર ભગવાનના ગર્ભાદિ દિવસો યથાક્રમે જાણી લેવા, તેમાં હસ્તોત્તરના ઉત્તરા ફાલ્ગુનીના યોગે ૪ અને સ્વાતિ નક્ષત્રના યોગે છેલ્લો દિવસ' એ પ્રમાણે શ્રી હરિભદ્રસૂરિકૃત **યાત્રાવિધિ પંચાશક**માં કહ્યું છે, અને આ ગર્ભાપહારનું ઉત્સૂત્ર જિનદત્તના ગુરુ વડે કરીને પ્રકાશાયું છે, એમ ઔષ્ટ્રિકોએ કરેલ ગણધર સાર્ધશતકની વૃત્તિના અનુસારે જણાય છે અને ગણધર સાર્ધશતકમાં કહેલું છે કે -

**असहाएणावि विही पसाहिओ जो न सेससूरीणं ।**
**लोअणपहेवि वच्चइ वुच्चइ पुण जिणमयन्नूहिं ॥१२२॥**

**વ્યાખ્યા :** આ પ્રમાણે '**जेण तउ पासत्थाइ**'=જેના વડે કરીને તે વખતે જે પાસત્થા આદિએ પૂર્વ વાતની સાથે સંબંધ છે તેથી કરીને જે ભગવાન વડે કરીને અસહાય એવા પારકાની સહાય વિના હોવા છતાં પણ એટલે પારકાની સહાયથી નિરપેક્ષ એવા એકલાએ પણ આગમમાં કહેલી છઠ્ઠા કલ્યાણકરૂપ અને પૂર્વદર્શીત પ્રકાર, પ્રકર્ષે કરીને 'આ પ્રમાણે જ થાય', એ પ્રમાણે વિધિ પ્રકાશ્યો તે અત્યંત આશ્ચર્ય છે.

અને આ અર્થમાં ગર્ભાપહાર કલ્યાણકની વિધિની વાતમાં જે કોઈ અસહિષ્ણુ હોય તે બોલો, એ પ્રમાણે સ્કંધ અફળાવવા પૂર્વક=ખંભો ઉછાળવાપૂર્વક સકલ લોક પ્રત્યક્ષ પ્રકાશિત કરેલ ! કે જે વિધિ બાકીના અજ્ઞાત સિદ્ધાંતરહસ્યોવાળા બીજા આચાર્યોની દૃષ્ટિમાર્ગમાં તો નહિ પણ શ્રવણપથમાં પણ નહોતું આવ્યું, તે જિનમતને જાણનારા એવા અર્થાત્ ભગવાનના પ્રવચનના વેદી વડે કહેવાયું ! એમ ગણધર સાર્ધશતકના ૧૫૯-મા પાને કહેવાયું છે. એથી કરીને આ ઉત્સૂત્રને આશ્રીને તે જિનદત્તનો કોઈ પૂર્વજ નથી, કારણકે ગુરુ ઉપદેશ સિવાય જે તેણે પ્રકાશન કરેલું હોવાથી, એ પ્રમાણે જે જે ઉત્સૂત્રો પ્રરૂપાય તેને આશ્રીને જે જે ઉત્સૂત્રના પહેલા પ્રકાશક છે તે ઉત્સૂત્રને આશ્રીને તે ઉત્સૂત્રનો પ્રકાશ પૂર્વજરહિત છે, એમ જાણવું અને તેના જે શિષ્યો હોય તેનો તે ઉત્સૂત્ર પ્રકાશક જ 'પૂર્વજ' થાય છે. તે સ્વયં જાણી લેવું. ॥૧॥

લૌકિક અને લોકોત્તર મિથ્યાત્વ સ્વરૂપ, પ્રાયઃ કરીને પ્રવચનના જાણકારોને પ્રતીત જ છે, માટે અહીંયા એનો વિસ્તાર કરતાં નથી. ॥૨॥

હવે સાંગરીક આદિનું વિદલપણું છે એવી પ્રરૂપણા તો-

**'जंमि उ पीलिज्जंते नेहो न हु होइ बिंति तं विदलं ।**
**विदले वि हु उप्पण्णं नेहजुअं होइ नो विदलं ॥३॥**

જેને પીલતાં તેલ ન નીકળે અને બે દલ હોય (ફાડચાં) તેને વિદલ જાણવું. વિદલમાં પણ ઉત્પન્ન થયું હોય પણ સ્નેહયુક્ત હોય તો તે વિદલ નથી.' એ પ્રમાણેની પરંપરાગત સર્વસંમત એવા આચાર્યના વચનથી વિરુદ્ધ છે. ॥૩॥

પર્યુષિત=વાસી, વિદલ, કઠોળ અને પૂરી આદિનું ગ્રહણ કરવું તે શ્રાદ્ધવિધિ-બૃહત કલ્પસૂત્રવૃત્તિ સાથે વિરુદ્ધતાવાળી વાત છે, કારણ કે ગ્રંથોમાં વાસી એવો વિદલ-પૂરી આદિ અને કેવલ રાંધેલા ચોખા આદિ અને તેવી રીતનું બીજું પણ ક્વથિત=કહોવાઈ ગયેલું અન્ન આદિ અને વઘારેલો ભાત આદિ તેમજ બગડેલ પક્વાન્ન આદિ અભક્ષ્યપણા વડે કરીને વર્જનીય છે. એ પ્રમાણે શ્રાદ્ધવિધિમાં કહ્યું છે તેવી રીતે -

**मिच्छत्तमसंचइए विराहणा सत्तु पाणजाईओ ।**
**संमुच्छणा य तक्कण दवे अ दोसा इमे हुंति ॥१॥**

(બૃહત્કલ્પવૃત્તિ- પાનું ૬૪૦-ગાથા-૬૦૦૫) આ ગાથાની વૃત્તિમાં વાસી પૂરી આદિમાં લાલા આદિ સંમૂર્છિમ જીવો કહેલાં છે, અને તેથી ત્યાં તેના ગ્રહણમાં સંયમ વિરાધના જણાવેલી છે, વળી દેખાતાં=હાલતાં ચાલતાં એવા ત્રસ જીવોને વિષે પણ અનુકંપા રહિતનો એવો તે નિર્દય જિનદત્તાચાર્ય, કસેલકનું પાણી ગ્રહણ કરતો અને જીવ સહિતનું પાણી ગૃહસ્થોને આપતો વાસી-વિદલ અને પૂરી આદિનું ગ્રહણ કરે છે તેમાં શું આશ્ચર્ય છે ?॥૪॥

સાધુ-સાધ્વીનો જે સાથે વિહાર છે તેનો નિષેધ જે કરે છે તે સ્થાનાંગ સૂત્રની સાથે વિરુદ્ધ છે. કારણ કે તે ગ્રંથોને વિશે 'નદી આદિમાં, આપત્તિમાં આવેલી સાધ્વીને હાથ આદિનું આલંબન દેતો સાધુ, આજ્ઞાને ઓળંગતો નથી.' એ પ્રમાણે કહેલું છે, અને સાધ્વી આદિને નદી-અટવી આદિ ઉતરવામાં 'કારણ વિશેષ' આ વિધિ છે એમ ન બોલવું. કારણ કે કારણ-અકારણ આદિની વિચારણામાં તો માર્ગ આદિને વિશે ગમન વિધિના ભેદનું કહેલું હોવાથી અને બૃહત્કલ્પના ભાષ્યમાં કહેલું છે કે-

**'पडिलेहिअं च खित्तं संजइवग्गस्स आणणा होई ।**
**निक्कारणंमि मग्गतो कारणे समगं च पुरतो वा' ॥१॥**

(ગાથા-૨૦૬૯)

આ ગાથાની વૃત્તિ આ પ્રમાણે : પરંતુ એ પ્રમાણે વસતિ વિચારમાં અને ભૂમિ આદિની વિધિ વડે કરીને પડિલેહેલું (તપાસેલું) અને સાધ્વીને યોગ્ય એવું ક્ષેત્ર, ત્યારબાદ તે ક્ષેત્રને વિષે સાધ્વી વર્ગનું લાવવું થાય છે. કેવી રીતે ? તે જણાવે છે. નિષ્કારણ=એટલે નિર્ભય હોયે છતે અથવા તો નિરાબાધ હોયે છતે સાધુઓ આગળ અને પાછળ ચાલતી સાધ્વીઓ અને કારણ ઉપસ્થિત થાય તો સાધુઓની સાથે અથવા તો પડખે, અથવા તો કાલ ઉપસ્થિત થયે સાધુની આગળ સંયતીઓ જાય છે. ॥૫॥ એ પ્રમાણે વિતથ વસ્તુપ્રરૂપણરૂપ ઉત્સૂત્ર જણાવ્યું. અને તે કહે છતે ચારે પ્રકારના ઉત્સૂત્ર જણાવ્યા તેમ જાણી લેવું, એ પ્રમાણે બીજા પણ 'ગોચરી આદિમાં પલ્લા

આદિનું જે ગ્રહણ કરવું' તેનો જે નિષેધ કરવો આદિ ન્યૂન ક્રિયા પ્રરૂપણ આદિ ઉત્સૂત્રો ઓઘનિર્યુક્તિ આદિ ગ્રંથોની સાથે વિરુદ્ધ છે. એ પ્રમાણે પોતાની બુદ્ધિથી જાણી લેવાં.

**એ પ્રમાણે તપાગચ્છરૂપી આકાશમાં સૂર્ય સમાન વિજયદાનસૂરીશ્વરજીના શિષ્ય ઉ. ધર્મસાગરગણિ વિરચિત ઔષ્ટ્રિક મતોત્સૂત્ર પ્રદીપિકામાં ઔષ્ટ્રિક ઉત્સૂત્રોને આગમસાક્ષીએ ખુલ્લા કરવાપૂર્વક તે ઉત્સૂત્રોનો તિરસ્કાર રૂપ બીજો અધિકાર પૂર્ણ થયો.**

## હવે ત્રીજો અધિકાર

હવે દુર્જનોના વચનોને સાંભળીને અરિહંત આદિની હીલના વડે કરીને જેમણે સમ્યક્ત્વને છોડી દીધેલું છે, તેઓને ફરી સમ્યક્ત્વના આરોપણનો પ્રકાર જણાવીએ છીએ.

તેમાં પહેલાં સમ્યક્ત્વના પરિત્યાગને ભેદથી જણાવે છે, સમ્યક્ત્વનો પરિત્યાગ બે પ્રકારે છે. આશાતનાજન્ય અને બીજો કષાય આદિના ઉદય-જન્ય, તેમાં પણ જો કે કષાય આદિનો ઉદય હોયે છતે જ આશાતનાનો સંભવ હોવાથી, સમ્યક્ત્વ પરિત્યાગનો એક જ પ્રકાર યુક્ત છે.

તો પણ ગૌણ અને મુખ્યના ભેદે કથન હોવાથી બે ભેદ જણાવ્યા છે. કારણકે કેટલાકો આશાતનાને આગળ કરીને સમ્યક્ત્વને વમતાં હોય છે, અને કેટલાકો કષાય આદિના ઉદયથી સમ્યક્ત્વને વમતાં હોય છે, અને આશાતના તે અરિહંત આદિના ભેદે કરીને અનેક પ્રકારની છે તેમજ બોધિદુર્લભતાના હેતુભૂત છે, સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે કે -

**'पंचहिं ठाणेहिं जीवा दुल्लहबोहित्ताए कम्मं पकरंति, तं. अरिहंताणं अवण्णं वदमाणे, अरिहंतपण्णत्तस्स धम्मस्स अवण्णं वदमाणे, आयरियउवज्झायाणं अवण्णं वदमाणे, चाउवण्णस्स संघस्स अवण्णं वदमाणे, विविक्कतवबंभचेराणं देवाणं अवण्णं वदमाणे'त्ति ।**

પાંચ સ્થાનને વિશે જીવો બોધિદુર્લભતા કર્મને ઉપાર્જન કરે છે. તે આ પ્રમાણે છે :

**(૧) અરિહંત ભગવંતોનો અવર્ણવાદ બોલતાં,**

**(૨) અરિહંત ભગવંતે પ્રરૂપેલા ધર્મનો અવર્ણવાદ બોલતાં,**

**(૩) આચાર્ય-ઉપાધ્યાય આદિનો અવર્ણવાદ બોલતાં,**

**(૪) ચતુર્વિધ સંઘનો અવર્ણવાદ બોલતાં,**

**(૫) ઉત્કૃષ્ટ તપ અને બ્રહ્મચર્ય વડે ઉત્પન્ન થયેલા દેવોનો અવર્ણવાદ બોલતાં.**

જો કે અહીં એકની આશાતના કરે છતે બધાની આશાતના કરેલી થાય છે, તો પણ ગૌણ અને મુખ્યના ભેદે કરીને ભેદ જાણવા.

તેમાં કોઈક કોઈકની આશાતના કરનારો થાય છે, અને કોઈક અત્યંત અશુભ કર્મના ઉદયથી સામુદાયિક બધાની આશાતના કરનારો બને છે.

તેમાં પહેલું 'છત્રત્રય આદિની સમૃદ્ધિને ભોગવતાં હોવા છતાં પણ અરિહંત વીતરાગ કેમ કહેવાય ?' એ પ્રમાણે બોલતાં આશાતના જાણવી, બીજું તો સમુદાય વડે કરીને બધાની અવહેલના કરનારો હોય છે, જેવી રીતે 'સ્વપક્ષને સ્થાપનારાઓ અને પરપક્ષને ઉત્થાપનારા જે છે તે બધા રાગદ્વેષવાળા હોવાથી ત્યાજ્ય છે' ઇત્યાદિ બોલનારા જાણવા.

કારણ કે બધા જ પણ તીર્થંકર અને ગણધર આદિઓ પોતાના પક્ષને સ્થાપનારા અને પારકાના પક્ષને ઉત્થાપનારા હોય છે. ઔપપાતિકસૂત્રમાં કહ્યું છે કે-

**'इणमेव निग्गंथे पावयणे सच्चे अणुत्तरे केवलिए'त्ति ।**

આ સૂત્રની વૃત્તિનો અર્થ એ છે કે 'ફક્ત આ જ પ્રત્યક્ષ-નૈર્ગ્રંથ-પ્રવચન એટલે કે જિનશાસન, તે સજ્જનોને હિત કરનાર અને પ્રધાનતર છે, અદ્વિતીય એવું અને કેવલી પ્રણીત છે, બીજું કોઈ નથી', ઇત્યાદિ.

હવે અહીં કોઈક પૂછે છે કે હે ભાગ્યશાળી ! આગમવ્યવહારિઓ વડે કરીને જ સ્વપક્ષસ્થાપન અને પરપક્ષઉત્થાપન કરી શકાય. કારણ કે-તેઓના જ્ઞાનનું નિશ્ચયાત્મકપણું હોવાથી અને બીજા જનોને માટે વિશ્વાસનું સ્થાન હોવાથી. બાકીના બીજાઓનું નહિ, કારણ કે તેનું વિપરીતપણું હોવાથી.

આમ કહેનારાને જણાવવું કે હે ભાગ્યશાળી ! બધા જ સમ્યક્ત્વવાળાઓને જૈન પ્રવચન એ જ સત્ય છે, બાકીનું નહિ, ઇત્યાદિ રૂપે કરીને તો નિશ્ચયાત્મક જ જ્ઞાન છે.

ભગવતી સૂત્રની અંદર તુંગિયા નગરના શ્રાવકના વર્ણનમાં કહેલું છે કે - **'अयमाउसो ! निग्गंथे पावयणे अट्ठे अयं परमट्ठे सेसे अणट्ठे'त्ति ।**

હે આયુષ્યમાન ! આ જ નિર્ગ્રંથ પ્રવચન, અર્થ=તાત્ત્વિક છે, પરમાર્થ છે, બાકીનું બધું અનર્થરૂપ છે.' આ સૂત્રની સામાન્યવૃત્તિ આ પ્રમાણે છે,

હે આયુષ્યમાન્ ! નિર્ગ્રંથ પ્રવચન સિવાયનું ધન-ધાન્ય-પુત્ર-કલત્ર-મિત્ર કુપ્રવચન આદિ બધા જ અનર્થ છે, જો આમ ન હોય તો કુપ્રવચન આદિના વિવેકના અભાવ વડે કરીને મિથ્યાદષ્ટિપણું જ છે.

વળી આધુનિક એવા સાધુઓ આદિ વડે કરીને જૈન પ્રવચનની વ્યવસ્થા કરવાનું નહિ બની શકે, કારણ કે સાંશયિક જે અર્થો અથવા તો પ્રશ્ન કરેલા પદાર્થો તેના સમ્યગ્ નિર્ણયના અભાવ વડે કરીને પ્રત્યુત્તર આપવાનું અશક્ય હોવાથી, અને 'શક્ય છે' એ પ્રમાણે હોયે છતે સિદ્ધ થાય છે કે આગમ વ્યવહારીથી જુદા એવા આત્માને પણ સ્વપક્ષ-સ્થાપનના અને પરપક્ષની ઉત્થાપના દોષ રહિતની છે, અને તે વાત સિદ્ધ થયે છતે તેના હેતુભૂત એવું જે જ્ઞાન તે પણ નિશ્ચયાત્મક જ છે.

વાદી પ્રશ્ન કરે છે કે ખરેખર 'જૈન પ્રવચન સત્ય છે બીજું નહિ', એ પ્રકારનું જ્ઞાન તો આગમવ્યવહારિના વચનને અનુસરતા એવા શ્રુત વ્યવહારિઓને હોય જ, અને તેને અનુસારે કરીને જૈન પક્ષની સ્થાપના અને પરપક્ષની ઉત્થાપનામાં પ્રવર્તતા હોવા છતાં પણ રાગદ્વેષ રહિત જ છે, એ પ્રમાણે જો કહેતો હોય તો હે મિત્ર ! તને વધામણી આપવામાં આવે છે કે જે કારણે કરીને અમારા કહેલાં માર્ગ વડે કરીને તું સ્વયં આવી ગયો છે.

અમે પણ આ પ્રમાણે જ કહીએ છીએ કે, 'જે આગમ વ્યવહારીઓના વચનો આચારાંગાદિ શાસ્ત્રો છે, તેના અનુસારે સ્વપક્ષ સ્થાપન અને પરપક્ષ ઉત્થાપન કરનારને રાગદ્વેષરૂપી ચંડાલનો સ્પર્શ પણ નથી.'

અને તેથી જ કરીને સ્વપક્ષ સ્થાપન અને પરપક્ષ ઉત્થાપનાત્મક એવા

ગ્રંથના કરનારા મહાત્મા 'રાગદ્વેષના ઉદયી છે' એ પ્રમાણેના સામાન્ય વચન વડે કરીને આગમ વ્યવહારીના વચનને અનુસરતા એવા ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથના કર્તાની હીલના કરનારા આત્માઓ **'જૈનાભાસો છે, કુમતીઓ છે, અને અરિહંત આદિની આશાતના વડે કરીને પરિત્યક્ત સમ્યક્ત્વવાળા છે'** એમ અમે કહીએ છીએ, એ પ્રમાણે આશાતનાજન્ય સમ્યક્ત્વ પરિત્યાગ કહ્યો.

કષાય ઉદય જન્ય જે સમ્યક્ત્વ પરિત્યાગ છે તે તો ચાલુ અધિકારમાં અત્યંત ઉપયોગના અભાવ વડે કરીને અહીંયા વિસ્તારતા નથી. એ પ્રમાણે સમ્યક્ત્વ પરિત્યાગનું સ્વરૂપ કહ્યું.

હવે જો કે સમ્યક્ત્વ પરિત્યાગનું સ્વરૂપ જણાવતાં મારા વડે નિપુણ-આત્માઓને વિષે ફરી સમ્યક્ત્વનું આરોપણ પણ થઈ જ ગયું છે, તો પણ કેટલાક મુગ્ધ આત્માઓ અને દુર્વિદગ્ધ આત્માઓને સમ્યક્ત્વ આરોપણ કરવું તે દુઃસાધ્ય છે એમ વિચારીને પ્રકારાન્તરે સમ્યક્ત્વનું આરોપણ જણાવાય છે. તે આ પ્રમાણે :

તે સમ્યક્ત્વના આરોપણને માટે પહેલાં તેને જ આ પ્રમાણે પૂછવું કે હે વિદગ્ધ ! સ્વપક્ષનું સ્થાપન કરનારા અને પરપક્ષનું ઉત્થાપન કરનારા હોવા વડે કરીને ઉત્સૂત્રકંદકુદ્દાલ તમને પ્રમાણ નથી તો ગણધર ભગવંતે રચેલી એવી દ્વાદશાંગીની વાત તો દૂર રહો; પરંતુ તમારા બનાવેલા ગ્રંથો તમોને જ પ્રમાણભૂત શી રીતે થશે ? કારણ કે તે ગ્રંથો પણ સ્વપક્ષ સ્થાપન અને પરપક્ષ ઉત્થાપનાત્મક દેખાય છે. તે આ પ્રમાણે : તમારા તીર્થંકર જે જિનદત્તાચાર્ય છે તેમણે જે ઉત્સૂત્રપદોદ્ઘાટન કુલાદિક બનાવતાં જેવા તેવા પ્રલાપ કરવા દ્વારાએ પોતાની સિવાયનાને દૂષિત કહેલા જ છે. તે આ પ્રમાણે :

**'मुद्धाणायणगया चुक्का मग्गाओ जायसंदेहा ।**
**बहुजणपिट्ठिविलग्गा दुहिणो हूआ समाहूआ' ॥१॥**

(ગણધર સાર્ધશતક મધ્યે) આ ગણધર સાર્ધશતકની ઔષ્ટ્રિકોએ બનાવેલી વૃત્તિ આ પ્રમાણે છે : જેના વડે બોલાવાયા છે તે કોણ ? અનાયતનને પામેલા, આ અનાયતનનું સ્વરૂપ અમે આગળ કહીશું. તે અનાયતનને કેમ પામ્યા ? ભ્રષ્ટ થયા હોવાથી, શેનાથી ભ્રષ્ટ થયા ? સત્પથથી= સન્માર્ગથી.

તે સન્માર્ગથી ભ્રષ્ટ કેવી રીતે થયા ? તો કહે છે કે ઉત્પન્ન સંદેહવાળા થયેલા હોવાથી, સંદેહ કેમ ઉત્પન્ન થયો ? શું આ નિત્યવાસ વસતિનું નિરાસ અને સ્વગચ્છપાશ રૂપે જે પ્રકારનું બંધન છે તેનું પ્રકાશ કરનારો એવો ચૈત્યવાસીનો માર્ગ સારો છે ? અથવા પંચામૃતસ્નાત્ર-યતિપ્રતિષ્ઠા, સર્વબિંબના સ્નાત્રનો નિષેધ, બ્રહ્મશાંતિ આદિ જે વૈયાવૃત્ય કરનારા એવા દેવો તેની પૂજા અને તેને પ્રણામનો પ્રતિષેધ (નિષેધ) અને પૂજાના ઉપકરણો ગ્રહણ કરેલા છે જેણે એવો શ્રાવક. સાધુવંદન અને દેવની આગળ સ્થાપનાચાર્યની સ્થાપના કરવાપૂર્વક ઈર્યાપથિકી કરનારા, એવા પૂનમીયાઓનો મત સારો ?, અથવા ચંદન-કપૂર આદિની પૂજા નહિ કરવાવાળા એવા સાર્ધ પૂનમીયાઓનો મત સારો ? અથવા તો વસ્ત્રના છેડા વડે કરીને વંદન દેવડાવવા રૂપ જે અંચલ ગચ્છવાળા છે તેનો મત સારો છે ? અથવા મલથી મલિન ગાત્રની દુર્ગંધવાળા, પાત્રનુ જે અવશ્રાવણ=ધોવણ-તંદુલધાવન આદિને ગ્રહણ કરવાવાળા એવા એકાકી વિહારી અને ગુરુકુલવાસના ત્યાગી એવા તપસ્વીનો માર્ગ સારો છે ?' ઇત્યાદિ પ્રકારનો સંશય જેને ઉત્પન્ન થયેલો છે તે જાત સંશય કહેવાય.

એવા જાત સંદેહવાળા મુગ્ધ આત્માઓ અને એથી જ કરીને ઘણાં ચૈત્યવાસી, રાકાપક્ષીય=પૂનમીયા અને સૈચયિક=આંચલીયા આદિ મલથી ક્લિન્ન અને ભેજવાળા તેના પૂતને સુંઘતા એવા પ્રચુરલોક, મુગ્ધ ધાર્મિકપણા વડે કરીને પાછળ લાગેલા લોકો, એ પ્રમાણે આધાકર્મ ઉપભોગ-ગુરુકુલવાસ ત્યાગ, સૂતકના પિંડનું ગ્રહણ આદિ એક એક દોષોને જોઈને એક મનવાળા અને એક સ્થાનની વિકલતા વડે કરીને દૂષિત થયેલા, સારી રીતે જેના ગાત્રો તપી ગયા છે એવા જે મુગ્ધ લોકો છે તેને બોલાવાયા કે હે શ્રદ્ધાળુ લોકો ! તમે આ પ્રમાણે કેમ ઉદ્વિગ્ન ચિત્તવાળા થઈને ફરો છો ? મારું એક વચન સાંભળો.

મહાવીરદેવ પણ સંજાત=ઉત્પન્ન થયો છે દિગ્મોહ જેને એવા પ્રાણીઓને અનાયતનમાં ગયેલાને, સ્થાનભ્રષ્ટ થયેલાને અર્થાત્ માર્ગભ્રષ્ટ થયેલા મુગ્ધ જે આત્માઓ તે આત્માઓને શું આ પૂર્વ માર્ગ ? શું આ પશ્ચિમ માર્ગ ? કે આ ઉત્તર માર્ગ શ્રેય છે ? એવા પ્રકારનો સંદેહ ઉત્પન્ન થયો છે જેને એવા, અને 'કોઈક નિષ્પાપ માર્ગ બતાવશે !' એમ એકબીજાની પાછળ લાગેલા છે

એથી જ કરીને દુઃખી અને કષ્ટને ભોગવવાવાળા આત્માઓને મહાવીર દેવ પણ બોલાવે છે ગાથાર્થ-૧૦૫ (ગાથા પત્ર-૧૫૫)

હવે આ વૃત્તિમાં 'પૌર્ણમીયક આદિ બધા જ ઉન્માર્ગપ્રકાશકો છે,' હે લોકો ! હું જ શુદ્ધમાર્ગ પ્રકાશક છું.' એ પ્રમાણે લોકોને આહ્વાનપૂર્વક જણાવાયું છે, તેવી જ રીતે સંઘપટ્ટક નામના ગ્રંથની અંદર -

**'वृद्धौ लोकदिशा नभस्यनभसोः सत्यां श्रुतोक्तं दिनं,**
**पञ्चाशं परिहृत्य ही शुचिभवात् पश्चाच्चतुर्मासकात् ।**
**तत्राऽशीतितमे कथं विदधते मूढा महं वार्षिकं,**
**कुग्राहाद्विगणय्य जैनवचसो बाधां मुनिव्यंसकाः ॥१॥**

એ પ્રમાણે આ શ્લોકની વૃત્તિમાં જણાવાયું છે તેમાં શ્રાવણ મહિનાની વૃદ્ધિ હોય ત્યારે ભાદરવામાં, અને જ્યારે ભાદરવાની વૃદ્ધિ હોય ત્યારે બીજા ભાદરવામાં, જે સાધુ પર્યુષણા કરે છે તેઓને મુનિવ્યંસક=દુષ્ટમુનિ તરીકે કહેલા છે.

આ પ્રમાણે પૌર્ણમીયક આદિઓ જે છે તેના નામ ગ્રહણ કરવા પૂર્વક ખોટી રીતે આચારનું વિપરીતપણું ઉદ્‌ભવાવીને દૂષિત કરેલાં છે, તેથી જ કરીને આ જે 'ઔષ્ટ્રિક=ખરતર એ જ એક જ શીલગાંગેય છે', એ પ્રમાણેનો નિશ્ચય થાય અને આ વાત તને પણ અનિષ્ટ છે, એથી જ કરીને અજાકૃપાણીય=બકરીને ગળે તલવારનો ન્યાય તને જ લાગું થશે, માટે તારી જાતે જ તું વિચાર કર.

હવે કોઈક અત્યંત ધૂતારો થઈને 'હું મરીને પણ તને મારીશ'. એ પ્રમાણેની કુબુદ્ધિ વડે કરીને આ પ્રમાણે બોલે છે કે 'હે લોકો ! તેવા પ્રકારના અમારા હોય તો પણ અમને પ્રમાણ નથી', ત્યારે તેવું બોલવાવાળાને આમ પૂછવું કે 'હે ભાગ્યશાળી ! તને કેવા પ્રકારના ગ્રંથો પ્રમાણ છે ? તે કહે. આમ પૂછે છતે જો તે એમ બોલે કે પોતાની નિંદાપૂર્વક બીજાની પ્રશંસા જે ગ્રંથમાં થતી હોય તે, અથવા તો બંનેની પ્રશંસા જેમાં થતી હોય તે જ ગ્રંથ નિરભિમાનીએ કરેલો અમને પ્રમાણ છે.' એમ કહે ત્યારે તેને કહેવું કે હે મૂર્ખ શિરોમણિ ! જેવા પ્રકારનું તું કહે છે તેવા પ્રકારના ગ્રંથનું કોઈપણ

ઠેકાણે દર્શન થતું ન હોવાથી તારા માટે શૂન્યવાદ એ જ શ્રેયસ્કર છે. વળી તારા અભિપ્રાય વડે કરીને તેનું જ વચન પ્રમાણ થાય છે કે 'જે પોતાની નિંદાપૂર્વક પારકાની પ્રશંસા કરનારો હોય'. એનું જે વચન તે તને પ્રમાણ થાય, એ પ્રમાણે હોયે છતે તારા વડે કરીને જ ઉત્સૂત્ર કંદકુદ્દાલાદિ ગ્રંથો પ્રમાણ નથી એવું બોલવું ન જોઈએ, પરંતુ ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથ પ્રમાણ જ છે, પરંતુ 'મારા વડે કરીને ઉત્સૂત્રકંદકુદ્દાલ પ્રમાણ નથી એમ જે બોલાયું છે તે અસત્ય છે', એમ કહેવું જોઈએ, અને એમ જો તું કહે તો તારા ગળે જ મોજડી લાગે તેમ છે. અને તારા વડે કરીને પણ ઉત્સૂત્રકંદકુદ્દાલ પ્રમાણ તરીકે કહેવા વડે કરીને અમારું સમીહિત=ઇચ્છેલું સિદ્ધ થાય છે.

હવે તારા વડે કરીને જે બીજું કહેવાયું છે કે 'જે ગ્રંથની અંદર બંનેની પણ પ્રશંસા હોય તે ગ્રંથ અમોને માન્ય છે,' તે વાત પણ અસંગત છે, જે બંનેની પણ પ્રશંસા, તે બંને જે છે તે 'અવિરુદ્ધ કે વિરુદ્ધ ?' એમ તું નક્કી કર. તેમાં પહેલામાં તો ઇષ્ટ આપત્તિ જ છે. કારણ કે ચોવીશે તીર્થંકર ભગવંતોનાં પ્રવચનોની જેમ અવિરુદ્ધ છે એવા અનેક આત્માઓની પણ અભેદ બુદ્ધિએ કરીને પ્રશંસાનો સ્વીકાર કરેલો હોવાથી.

હવે બીજો પ્રકાર જે 'વિરુદ્ધ છે' તેમાં એક માર્ગગામી, અને બીજો ઉન્માર્ગગામી હોવા વડે કરીને પરસ્પર બંને વિરુદ્ધ હોવાથી તે બંનેની પ્રશંસા કરવી તે લોક પ્રસિદ્ધિ વડે કરીને પણ બાધક છે. લોકને વિશે પણ કોઈ એવો મૂર્ખમુખ્ય નથી કે જે પરસ્પર વિરુદ્ધ હોય એવી વસ્તુની તુલ્યતાને જાણતો હોય કે બોલતો હોય ! વિષ અને અમૃત બંને તુલ્ય છે, એમ માને છતે વિષ ભક્ષણનો પ્રસંગ આવશે.

વળી આ પ્રમાણે ઉત્સૂત્રકંદકુદ્દાલ આદિ જે છે તેની પ્રમાણતા સ્વીકાર્ય જ છે, એકની પણ નિંદાનું તારા વડે કરીને નિરાકરણ કરાયેલું હોવાથી. બંને બાજુ તને ફાંસલો આવશે, એ રહસ્ય જાણવું.

હવે કોઈક મિત્રભાવે પૂછે છે કે હે ભાગ્યશાળી ! ખરેખર પોતાના પક્ષનું સ્થાપન અને પરપક્ષનું ઉત્થાપન એ વડે કરીને બધાઓને માટે સરખું હોયે છતે આ માર્ગ સત્ય છે કે આ માર્ગ સત્ય છે ? એનો નિર્ણય કેવી રીતે કરી શકાય ? જ્યારે આમ પૂછે ત્યારે તેને કહેવું કે હે મિત્ર ! તું લોકવ્યવહારને પણ જાણતો નથી, લોકને વિશે પણ કોઈપણ વસ્તુનું પરીક્ષણ વેચનારની

બુદ્ધિને આધીન નથી, પરંતુ નિપુણ એવા ગ્રાહકની બુદ્ધિને આધીન છે.

જો આમ ન હોય તો અસલ વસ્તુ અને નકલી વસ્તુ વેચનારાને તુલ્ય મૂલ્ય ઉપાર્જન કરવાની ઇચ્છા હોવાથી બંનેને માટે તુલ્ય વચન બોલશે, તેવે વખતે તેના વચન પર વિશ્વાસ રાખવામાં આવે તો વસ્તુની પરીક્ષા કરવી એ વાતને જલાંજલિ આપવા જેવું જ થાય.

એ પ્રમાણે ગ્રંથપરીક્ષણ પણ ગ્રંથકર્તાના વચનને આધીન નથી, પરંતુ શુદ્ધ માર્ગને ગ્રહણ કરનાર એવા બુદ્ધિમાન પુરુષને આધીન છે, એમ જાણવું.

ત્યારે વાદી પૂછે છે કે પરીક્ષા કેવી રીતે થઈ શકે ? એમ જો પૂછતો હોય તો સાંભળ, ગ્રંથકર્તા બે પ્રકારના હોય છે, એક સમ્યગ્દષ્ટિ અને બીજો મિથ્યાદષ્ટિ. તેમાં જે સમ્યગ્દષ્ટિ એટલે અવિપરીત એવી અર્થાત્ યથાર્થ વસ્તુને ગ્રહણ કરવાવાળી જે દષ્ટિ=જ્ઞાન જેનું છે તે સમ્યગ્દષ્ટિ.

માર્ગ અને ઉન્માર્ગને યથાર્થ=તે તે રૂપે બોલતો એવો આત્મા **सम्यग् ज्ञानदर्शन चारित्राणि मोक्षमार्गः** એ વચન હોવાથી જ્ઞાન-દર્શન ચારિત્રાત્મક જૈન પ્રવચન-તેને માર્ગ તરીકે જાણે છે, અને તેનાથી વિપરીત નિહ્નવ આદિનું જે કુપ્રવચન, નરક આદિનું કારણ હોવાથી તેને ઉન્માર્ગ તરીકે કહે છે. અને તે પ્રમાણે કહેવાથી રાગદ્વેષનો ઉદય છે. એવી સંભાવના ન કરવી.

લોકને વિશે પણ કોઈક માર્ગ અને ઉન્માર્ગને જાણનારો આત્મા, માર્ગે ચાલતો હોવા છતાં પણ પારકાઓને પોતે જે ગમ્યમાન માર્ગ છે તેને માર્ગપણાવડે કરીને અને ચોર-સિંહ-શ્વાપદ આદિના ભયથી વ્યાપ્ત એવા માર્ગને ઉન્માર્ગ તરીકે જણાવતો 'રાગદ્વેષના ઉદયવાળો છે' એવા વ્યપદેશને ભજતો નથી. તેવી જ રીતે પોતાના સોનાને સોનારૂપે અને પારકાના પિત્તલને પિત્તલરૂપે કહેનારો આત્મા, રાગદ્વેષના ઉદયવાળો કહેવાતો નથી, પરંતુ યથાર્થ-ભાષીપણું હોવાથી વિશ્વાસનું સ્થાન બને છે. તેથી કરીને સમ્યગ્દષ્ટિ આત્મા માર્ગ અને ઉન્માર્ગને સમ્યક્ જણાવવાની ઇચ્છા વડે કરીને કહેવાતી ચતુર્ભંગીની અંદર પહેલાં ભાંગામાં જ વર્તતો જાણવો. તે ચતુર્ભંગી આ પ્રમાણે :

૧. માર્ગ અને ઉન્માર્ગનો યથાર્થ ભાષી, ૨. માર્ગનો યથાર્થ ભાષી અને ઉન્માર્ગનો અયથાર્થ ભાષી, ૩. માર્ગનો અયથાર્થ ભાષી અને ઉન્માર્ગનો યથાર્થ ભાષી અને ૪. માર્ગ અને ઉન્માર્ગનો અયથાર્થ ભાષી.

તેમાં પહેલા ભાંગામાં સમ્યગ્દષ્ટિ છે બીજા અને ત્રીજા ભાંગામાં કોઈનું પણ વિદ્યમાનપણું ન હોવાથી અસંભવિત છે, અને ચોથા ભાંગામાં નિહ્નવ આદિ. માર્ગમાં આસક્ત હોય અને જૈનમાર્ગથી પરાઙ્મુખ હોય તે ચોથા ભાંગામાં જાણવા.

હવે વાદી પ્રશ્ન કરે છે કે તમે જે બીજો-ત્રીજો ભાંગો અસંભવિત જણાવ્યો છે તે અસત્ય છે, બીજા ભાંગાની અંદર માર્ગ-ઉન્માર્ગ હોય છતે બંનેને સત્ય બોલતો મિશ્રગુણસ્થાનવર્તિ છે. અને ત્રીજા ભાંગામાં માર્ગ અને ઉન્માર્ગ એ બંનેને અસત્ય કહેનારો શૂન્યવાદી છે.

એમ જો કહેતા હોવ તો તમારી વાત સ્વીકાર્ય છે. વ્યવહારથી બંને ભાંગા હોવા છતાં નિશ્ચયથી તો બંને ભાંગા ચોથા ભાંગાની અંદર અંતર્ગત થઈ જાય છે. વિષ અને અમૃતનું તુલ્યપણું કહેનારો બંને ઠેકાણે પણ ઉપમા વડે કરીને જૂઠું બોલનારો છે. ઉપમા વડે કરીને કેમ ? એમ જો કહેતો હો તો સાંભળ. તેમાં બીજા ભાંગાની અંદર 'જૈનધર્મ સત્ય છે' કોની જેમ ? એમ પૂછે છતે બોલે 'બૌદ્ધ આદિ ધર્મની જેમ' સત્ય છે ! બૌદ્ધ આદિ ધર્મ સત્ય છે' કોની જેમ ? તો 'જૈનધર્મની જેમ !' અને ત્રીજા ભાંગામાં પણ ઉત્કૃષ્ટ અસત્ય ઉપમા વડે કરીને કહેનારો હોય છે, એ પ્રમાણે તાત્પર્ય જાણવું.

અને એથી જ કરીને નિહ્નવ પ્રવચનના એકદેશ ભાગનો અપલાપ કરતો હોવા છતાં પણ સર્વથા અપલાપી કહેવાય છે ! આ વિષયમાં ઘણું કહેવા જેવું છે, પરંતુ ગ્રંથના ગૌરવના ભયથી કહેતાં નથી.

અને નિહ્નવ જે છે તે ચોથા ભાંગામાં અંતર્ભૂત ન કરાય, પરંતુ જૈન પ્રવચનનો સ્પર્શ કરનારા હોવાથી 'જૈન માર્ગમાં છે' એમ પણ ન કહેવું. કારણકે બૌદ્ધ આદિની જેમ તેના પ્રવચનનું બાહ્યપણું હોવાથી. સ્થાનાંગસૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે- **'समुद्धातादिकं जिनाभिहितं वस्त्वन्यथा प्ररूपयन् प्रवचनबाह्यो भवति, यथा निह्नवा' इति ।** સમુદ્ઘાત આદિ જે જિનેશ્વર ભગવંતે કહેલી વસ્તુ તેનું અન્યથા રીતે પ્રરૂપણ કરનારો આત્મા, પ્રવચન બાહ્ય થાય છે. જેમકે નિહ્નવો.' એ પ્રમાણે કહેલું છે.

અને એવી શંકા નહિ કરવી કે જૈન પ્રવચન બાહ્ય નિહ્નવાદિ, કુપ્રવચનના ઉન્માર્ગને ઉન્માર્ગપણા વડે કરીને બોલતો હોવાથી, પરપરિવાદી થશે, તીર્થંકર

આદિઓને પણ તેવો પ્રસંગ આવતો હોવાથી. બલ્કે ઉન્માર્ગને માર્ગરૂપે બોલતો મૃષાભાષીપણું હોવાથી પરપરિવાદી થાય છે. ભગવતી સૂત્રમાં કહ્યું છે કે- '**परपरिवाएत्ति**' આ પદના એક ભાગની વૃત્તિ આ પ્રમાણે છે : પારકાના છૂટાછવાયા ગુણ અને દોષનું બોલવું તે પરપરિવાદ છે એ પ્રમાણે.

આ કહેવા વડે કરીને પોતાના માર્ગનો નિંદક અને નિરભિમાનીપણાવાળો હોવાથી માન્ય છે, અને તેણે કહેલો માર્ગ અંગીકાર કરવા યોગ્ય છે, એમ કોઈક બોલે છે તેને પણ દૂર કર્યો જાણવો, કારણ કે પોતે સ્વીકારેલા માર્ગને ઉન્માર્ગ જણાવવા વડે કરીને=જાહેર કરીને હીલના કરતો છતો તે માર્ગને આશ્રય કરનારા બધા આત્માની હીલના કરનારો થાય છે, અને તેવી રીતે **માર્ગથી બહિર્ભૂત થયો છતો જે માર્ગની હીલના કરનારો છે તેની અપેક્ષાએ માર્ગની અંદર રહીને માર્ગની હીલના કરનારો બીજા જે માર્ગમાં પડેલાં આત્માઓ છે તે આત્માઓને સંદેહ ઉત્પન્ન કરવા વડે કરીને પ્રવચનનું ઉપઘાતીપણું હોવાથી મહાપાતકી છે.** પોતાના ઘરના કૂવામાં પડવાના ન્યાયે કરીને પોતાનામાં જ ઉત્સૂત્રભાષીપણાવડે કરીને મિથ્યાત્વને પામેલો અને સમ્યક્ત્વ પ્રાણરહિત તે આત્મા હોય છે.

એ પ્રમાણે ઉન્માર્ગનો આશ્રય લીધેલો હોવા છતાં પણ જે આત્મા ઉન્માર્ગને માર્ગ તરીકે જણાવે છે તેની અપેક્ષાએ કરીને માર્ગનો આશ્રય કર્યો હોવા છતાં પણ ઉન્માર્ગને માર્ગ તરીકે કહેનારો મહાપાતકી છે. પારકાના ઘરના કૂવામાં પડવાના ન્યાયે કરીને, પારકામાં જ ઉત્સૂત્ર ભાષીપણાવડે કરીને મિથ્યાત્વને પામેલો અને સમ્યક્ત્વપ્રાણ રહિત જાણવો.

આ કહેવા વડે કરીને ગંભીર એવા આચાર્યોને ધારણ કરી શકવાને યોગ્ય અને ગંભીર અર્થવાળા એવા જે છેદગ્રંથો છે, તેને આગળ કરીને મૂર્ખપર્ષદાની અંદર પ્રવચનની જ હીલના કરવામાં પરાયણ એવા જે તે પ્રલાપી, મૂર્ખચક્રવર્તિ પાશચંદ્રની જેમ જે કોઈક સાંપ્રતકાળે આબાલગોપાંગનાને પણ પ્રતીતિ=ખાતરીના વિષયભૂત એવો જ્ઞાનાદિ રત્નોના રત્નાકર સરખા એવા શ્રીમત્ તપાગચ્છની હીલના કરવાના અભિપ્રાયે કરીને ઉત્સૂત્રકંદકુદ્દાલને આગળ કરવા પૂર્વક પોતાનું મૂર્ખચક્રવર્તિપણું પ્રગટ કરતો છતો મૂર્ખની પર્ષદાની અંદર પોકાર કરે છે કે જુઓ ! જુઓ ! ઉત્સૂત્રકુંદકુદ્દાલ ગ્રંથના આઠમા વિશ્રામમાં-

**'स्वाऽवधिं तच्च क्षेत्रे ऽ त्राग्रतो ऽ प्येभ्यो भविष्यति ।**
**स्तोकेष्वप्येषु चारित्रं, वज्रदुःप्रसहादिवत् ॥१॥**

અર્થ : તે ચારિત્ર પોતાની અવધિ સુધી આ ક્ષેત્રને વિષે=એટલે ગુજરાત આદિને વિષે અને એનાથી પણ આગળ થોડા એવા તપસ્વીઓમાં વજ્રસ્વામી દુઃપ્રસહાચાર્યાદિની જેમ ચારિત્ર થશે.

'આ તપસ્વીઓ વડે કરીને દીક્ષિત જે છે તે, ચારિત્રીઓ છે', આ પ્રમાણે બળાત્કારે પ્રાપ્ત થયું, અને આ થોડા તપસ્વીઓને વિષે પણ ચારિત્ર છે.' એવી અહીંયા શંકા ન કરવી કે બીજે બધે પણ અચારિત્ર છે.

આ એક જ ગચ્છની અંદર ચારિત્ર કેવી રીતે ઘટે '**वज्रेत्यादि**' જેવી રીતે પ્રભુ શ્રી વયર સ્વામીના શિષ્ય શ્રી વજ્રસેન તે એકમાં પણ જેમ ચારિત્ર હતું તેવી રીતે. જેમ અલ્પપરિવારવાળા દુષ્પ્રસહાચાર્યને વિષે પણ ચારિત્ર થશે. તેથી કરીને 'આ થોડાને વિષે પણ ચારિત્ર છે, એ સિદ્ધ છે.' એ પ્રમાણે કહીને પોતાના જ ગચ્છની અંદર ચારિત્રની સ્થાપના કરનારાઓનું આ મોટું અસંગત વચન છે, અને તેથી તેનો ઉત્સૂત્રકંદકુદ્દાલનો તિરસ્કાર કર્યો જાણવો.

પોતે આશ્રય કર્યો છે તે ગચ્છની અંદર ચારિત્ર હોયે છતે તેનો અપલાપ કરવો, અને પારકાની અંદર ચારિત્ર ન હોવા છતાં પ્રલાપ કરવામાં મહાઉત્સૂત્રભાષીપણા વડે કરીને મહાપાતકીપણાની આપત્તિ આવતી હોવાથી.

અને આથી સિદ્ધ થાય છે કે **આ ગ્રંથના કર્તા ચતુર્ભંગીમાંના પહેલા ભાંગામાં વર્તતા છતાં, શુદ્ધમાર્ગનો આશ્રય કરેલો હોવાથી સમ્યગ્દૃષ્ટિ જ છે**, અને આ ગ્રંથકારનું શુદ્ધ માર્ગાશ્રિતપણું પ્રવચનને અવિરુદ્ધ એવી શુદ્ધ પરંપરામાં આવેલી સામાચારીને આચરનારા **તપાગચ્છની નિશ્રા સ્વીકાર્યપણું હોવાથી સુપ્રતીત જ છે.**

વળી અતીત કાલને વિશે સાંપ્રતકાલનું સ્વરૂપ જેવું બતાવ્યું તેવું જ પ્રત્યક્ષ દેખાતું હોવાથી, યથોક્ત અર્થને પામવા વડે કરીને દિવ્ય પુરુષ વડે કરીને આ ગ્રંથ કરાયેલો હોય એવી રીતે આ ગ્રંથનું ખાતરીપણું હોવાથી, સાતિશયિક=અતિશયપૂર્વકના જ્ઞાનવાળા મહાત્માએ આ ગ્રંથ બનાવ્યો છે, એમ શ્રદ્ધા કરવી જોઈએ.

વળી જે 'પોતાના માર્ગને નિંદવા વડે કરીને કહેવાયેલો માર્ગ સ્વીકાર્ય છે' એ પ્રમાણે જે કહેવું તે લોક વિરુદ્ધ હોવાથી અત્યંત અસાર છે, લોકને વિષે પણ કોઈ આત્મા તેવા પ્રકારની ચેષ્ટા કરતો નથી, જો આમ ન હોય તો રાજા વડે કરીને 'હે ચંડાલ ! તું તારા કુલનો આચાર જેવો છે તેવો કહે, જેથી કરીને તારું કહેલું હું અંગીકાર કરું.'

એ પ્રમાણે રાજા વડે પ્રેરણા કરાયેલો ચંડાલ, પોતાના કુલાચારની નિંદા કરતો રાજ્યની પ્રાર્થના કરે જ, અને તેનું કહેલું રાજા ન કરે. તેથી કરીને આ વાત જે છે તે આ પ્રમાણે પોતાના માર્ગની નિંદા કરતો એવો આત્મા 'મહાનુભાવ છે અને પૂજ્ય છે', એ પ્રમાણે કુત્સિત બોલતાં એવા આત્માને દૂર કર્યો જાણવો. કારણકે ચાંડાલ આદિનું પણ મહાનુભાવત્વ અને પૂજ્યત્વ આદિની આપત્તિ આવતી હોવાથી.

તેથી કરીને ઘણાં ચાંડાલ આદિઓ પોતાના કુલાચારની નિંદા કરતા દેખાય છે, અને તેથી કરીને ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથકર્તાએ અંગીકાર કરેલો જે શુદ્ધ માર્ગ તેની પ્રશંસા કરતો, અને જે અશુદ્ધ માર્ગ છે તેને અશુદ્ધ રૂપે બોલનારા આત્માને કોઈપણ દૂષણ નથી; પરંતુ મહાગુણ છે એમ તું પ્રતીતિ કર.

એ પ્રમાણે હોવા છતાં પણ જો તને આસ્થા ન થતી હોય તો હાથમાં રહેલાં કંકણને જોવા માટે આરીસાનું શું પ્રયોજન ? એ પ્રમાણેની લોક કહેવાતને સાચી કરી બતાવતો એવો તું હાથ થોભી થોભીને 'આ ચારિત્રી છે' એમ અમને બતાવ, જેથી કરીને અમે પ્રતીતિ કરીએ ! તેથી કરીને કોઈ પણ ધર્મી આત્માઓએ પોતાના પક્ષનું સ્થાપન અને પારકાના પક્ષનું ઉત્થાપન કરવાનો અસત્ દોષ ઉદ્ભવાવીને ગ્રંથકર્તાની હીલના કરવી ન જોઈએ. બોધિનાશનો પ્રસંગ હોવાથી, 'પરંતુ પ્રવચનની વિરુદ્ધ ભાષણ કરનારની હીલના કરવી ન જોઈએ.' અને તેવું ઉત્સૂત્રકંદકંદ્દાલમાં લેશથી પણ દેખાતું નથી.

એથી કરીને આ ગ્રંથકર્તાને પ્રમાણ-માન્ય કરીને સ્તવવો જોઈએ, જે અગ્નિવડે કરીને બળ્યો, તેને અગ્નિ જ ઔષધ છે, એમ ન્યાય હોવાથી. આ ગ્રંથકર્તાની હીલના દ્વારા સમ્યક્ત્વના નાશના હેતુરૂપ અરિહંત આદિની હીલના કરી છે, અને તેની સ્તુતિ દ્વારાએ જ અરિહંત આદિઓને સ્તવ્યા છે, અને

તે સમ્યક્ત્વનું કારણ થાય છે, એ પ્રમાણે પરિત્યક્ત સમ્યક્ત્વવાળાઓને ફરી સમ્યક્ત્વનો આરોપણવિધિ બાતાવ્યો છે.

હવે પ્રસંગ હોવાથી ભાવિ શંકા ઊભી કરવાની પારકાની જે ઇચ્છા તેના વડે કરીને શંકા ઊભી ન થાય, તે માટેનો વિધિ બતાવે છે.

હવે કોઈક એમ કહે છે કે આ ગ્રંથમાં ખરતર મતના આકર્ષક એવા જિનદત્તાચાર્યનું ઔષ્ટ્રિક નામ આપ્યું છે, અને તેનું નિહ્નવપણું જણાવ્યું છે, અને તપગચ્છવાલામાં જ ચારિત્ર છે, ઇત્યાદિ જણાવ્યું છે, તેવી રીતનું બીજા કોઈ ગ્રંથાંતરમાં દેખાતું નથી, એથી કરીને સાક્ષીગ્રંથના અભાવ વડે કરીને આ ઉત્સૂત્ર કંદકુદ્દાલ ગ્રંથ અમોને વિશ્વાસનું સ્થાન નથી, ત્યારે તેને એમ જણાવવું કે હે ભાગ્યશાળી ! ઘણાં સાક્ષીગ્રંથો છે, તે આ પ્રમાણે :

**हुं नन्देन्द्रियरुद्रकाल जनितः पक्षोऽस्ति राकाङ्कितो,**
**वेदाऽभ्रारुणकाल १२०४ औष्ट्रिकभवो विश्वार्क्ककाले ऽञ्चलः ।**
**षट्त्र्यर्केषु १२३६ च सार्द्धपौर्णिम इति व्योमेन्द्रियार्के पुनः,**
**काले त्रिस्तुतिकः कलौ जिनमते जाताः स्वकीयाग्रहात् ॥१॥**

૧૧૫૯ની સાલમાં પૂનમીયો, ૧૨૦૪માં ખરતર-ઔષ્ટ્રિક, ૧૨૧૩માં આંચલીયા મતની, ૧૨૩૬માં સાર્ધ પૂનમીયો મત અને ૧૨૫૦ ત્રિસ્તુતિક મત નીકળ્યો. એક બીજા મતો પોતપોતાના આગ્રહથી જિનેશ્વર ભગવંતના મતથી આ કુપાક્ષિકો નીકળ્યા, એ પ્રમાણે સોમસુંદરસૂરિ મહારાજના રાજ્યમાં મુનિસુંદરસૂરિજી મ. ના શિષ્ય હર્ષભૂષણ ગણિએ કરેલા **શ્રાદ્ધવિધિ વિનિશ્ચય** નામના ગ્રંથમાંના આ કાવ્યમાં ત્રિસ્તુતિક અંતવાળા અને એ પૂર્વના ત્રણ પદ=ત્રણ ચરણ તેના વડે કરીને પાંચેય કુપાક્ષિકોનો ઉત્પત્તિકાળ સૂચવ્યો, અને **कलौ जिनमते जाताः स्वकीयाग्रहात्** એ કાંઈક ન્યૂન એવા ચોથા પદ વડે આ પાંચેયનું નિહ્નવપણું જણાવ્યું છે. અને તેવી રીતે ખરતરનું ઔષ્ટ્રિક એવું નામ અને નિહ્નવપણું સાક્ષાત્ જણાવ્યું છે.

ઉત્પત્તિકાળ સૂચવવા વડે કરીને ખરતર મતના આકર્ષક એવા જિનદત્તાચાર્યનો અર્થથી આવ્યો છતો તે કાળે તે મતના કલ્પિત આચાર્યનો અભાવ હોવાથી અને જિનદત્તાચાર્યનો સદ્ભાવ હોવાથી તેના નામે જ કહેલું છે.

એ પ્રમાણે સંદેહવિષૌષધીમાં પણ આ જ કાવ્ય છે, તેવી જ રીતે મુનિ સુંદરસૂરિજીના રાજ્યમાં પણ સં. ૧૪૬૬ વર્ષ બનાવેલ '**વિજ્ઞપ્તિત્રિદશ-તરંગિણી**' ગ્રંથમાં આ બધાયનું નિહ્નવપણું જણાવ્યું છે તે આ પ્રમાણે :

**आज्ञाभङ्गान्तरायोत्था-ऽ नन्तसंसारनिर्भयैः ।**
**सामाचार्योऽपि पाश्चात्यैः, प्रायः स्वैरं प्रवर्त्तिताः ॥१॥**
**उपधानप्रतिक्रान्ति-जिनार्च्चादिनिषेधतः ।**
**न्यूनिता दुःषमादोषात् प्रमत्तजनताप्रियाः ॥२॥**

'આજ્ઞાભંગ, અંતરાય આદિથી ઉત્પન્ન થયેલો જે અનંત સંસાર અને તે અનંત સંસારથી ભય વગરના એવા પછીના કાળના પુરુષોએ પ્રાયઃ કરીને સામાચારીઓ પણ પોતાની ઇચ્છા મુજબ પ્રવર્તાવી છે.

દુઃષમા કાળના દોષથી પ્રમાદી જનતાને પ્રિય થઈ પડે એવી ઉપધાન, પ્રતિક્રમણ, સ્ત્રીઓ વડે થતી જિનેશ્વર ભગવાનની પૂજા આદિનો નિષેધ દ્વારાએ કરીને સામાચારી ન્યૂન પણ કરાઈ છે.'

આ કાવ્યમાં 'જિનેશ્વરની જિનાર્ચા=સ્ત્રી દ્વારા થતી પૂજા-તેનો નિષેધ કરનારો અનંત સંસારથી નિર્ભીક છે.' એ પ્રમાણેના પદ વડે તે ખરતરને નિહ્નવ કહેલો છે, તેવી જ રીતે '**तपोवत्स्वेव**=એટલે તપાગચ્છને વિષે જ ચારિત્ર છે' એ પ્રમાણે મુનિસુંદરસૂરિએ કહેલું, અને તે જ વિજ્ઞપ્તિત્રિદશ તરંગિણીમાં પણ કહેલું છે તે આ પ્રમાણે :

**या श्रीवीरसुधर्माद्यैः, प्रणीता स्वागमानुगा ।**
**आचीर्णा स्थविरैः कालानुरूपयतनाश्रिता ॥१॥**
**सामाचारी गणेऽस्मिंस्तु, शुद्धा सैवाऽस्त्यखण्डिता ।**
**परम्परागता सर्वगणान्तरगताधिका ॥२॥**

જે મહાવીરદેવ અને સુધર્મા સ્વામી આદિ વડે કરીને આગમને અનુસરતી એવી જે સમાચારી પ્રવર્તાવી, અને તે સમાચારી કેવી ? કાળને અનુરૂપ યતના=જયણાનો આશ્રય કરવાવાળી, અને સ્થવિર મહાપુરુષો વડે આચરાયેલી એવી શુદ્ધ, અખંડિત અને પરંપરાગત અને સર્વગચ્છોમાં રહેલી જે સામાચારી

**તેનાથી પણ અધિક સામાચારી આ તપાગચ્છમાં જ છે.'** એ પ્રમાણે સોમસુંદરસૂરિજીએ અધિક માસને આશ્રીને બનાવેલ **'પર્યુષણા વ્યવસ્થાપન વાદસ્થલ'**માં ખરતરનું નિહ્નવપણું સૂચવેલું જાણી લેવું.

હવે અહીંયા કોઈક કહે છે કે 'હે ભાગ્યશાળીઓ ! આ બધા ગ્રંથો તપાગચ્છના પક્ષના છે, અને તેથી કરીને તપાગચ્છીઓને જ પ્રમાણ છે, અમને પ્રમાણ નથી.' ત્યારે તેને આ પ્રમાણે કહેવું કે-હે ભાગ્યશાળી ! તને તે ગ્રંથ પ્રમાણ કેમ નથી ? શું તેમાં પ્રવચન વિરુદ્ધપણું છે ? અથવા તો તમારા જેવાના મતના ઉત્સૂત્રોનો ઉચ્છેદ કરનારા હોવા વડે કરીને અનિષ્ટ છે ? પહેલો જે પ્રવચન વિરુદ્ધનો ભાંગો છે તેનો તો અસંભવ હોવાથીઃ અને બીજા વિકલ્પમાં તમારા જેવા કદાગ્રહી આત્માઓને 'અમારા ગ્રંથો પ્રમાણ ન થાવ, એથી કરીને અમને કોઈ જાતની ક્ષતિ નથી.' ઘૂવડના કુળવાળા જે પક્ષીઓ હોય તેને સૂર્યનું ઊગવું તે અનિષ્ટપણા રૂપ હોય, તો પણ તે સિવાયના સુલોચનવાળા પંડિત આત્માઓને અંધકારના સમૂહનો નાશ કરવાપણા વડે કરીને તે સૂર્યનું પ્રમાણપણું દૂર કરી શકાય તેમ નથી.

અથવા તો તારું દૂષણ પણ અમે નથી જાણતા એમ નહિ; પરંતુ તારું સ્વરૂપ યથાર્થ જાણીએ છીએ. જો કે કોઈ પણ કદાગ્રહી પોતાના મતને ઉચ્છેદ કરનાર ગ્રંથને પ્રમાણ કરતો નથી. જેવી રીતે બૌટિક=દિગંબર, આવશ્યક નિર્યુક્તિને અપ્રમાણ કહે છે, અને તેવી રીતે તને અનિષ્ટ હોવા વડે કરીને દુષિત કર્યે છતે પણ ઉત્સૂત્રકંદકુદ્દાલ કોઈ દૂષિત થઈ જવાનો નથી, કારણ કે ગ્રંથનો તેવા પ્રકારનો સ્વભાવ હોવાથી. જો એમ ન હોય તો **ઉત્સૂત્રરૂપી જે કંદ છે એના ઉપરનો કુહાડો** એ નામને વ્યાઘાત પહોંચે છે ! જે સૂર્ય ઊગે છતે ઘૂવડના કુળને આનંદ થાય, એ સૂર્ય, સૂર્ય જ નથી, એ ન્યાય હોવાથી.

હવે ફરી પણ કોઈક કહે છે કે 'હે ભાગ્યશાળી ! તમે કહો છો એવા અર્થનો બોધક અન્ય પક્ષનો કોઈ ગ્રંથ હોય તો અમોને પણ પ્રમાણ જ છે.' ત્યારે એવું બોલનારને આ પ્રમાણે કહેવું કે આવા પ્રકારનું આલંબન લેવું એ તો બાલચેષ્ટા જ છે. જેથી કરીને છએ દર્શનોની અંદર દ્વાદશાંગીરૂપ એવું જૈન પ્રવચન, તેના વિચારોના બોધકપણા વડે કરીને છે. બીજું કોઈ પણ

કાપિલેય આદિ શાસ્ત્રો નથી, અને એથી કરીને જૈન પ્રવચનની અપ્રમાણતા નહિ થાય ! આમ છતાં અતિ આગ્રહ હોય તો કાનને આગળ કરીને-ધ્યાન દઈને સાંભળ, 'તારો જ ગોત્રીય શતપદીકાર, એ જ સાક્ષી છે.' એમ સમજ; પરંતુ આ વાત બીજે કોઈ પણ ઠેકાણે ગાઢ સ્વરે બોલીશ નહિ, કારણ કે 'એમ કરવાથી તારા જ ગોત્રમાં કલહ ઊભો થશે, અને પોતાના ગોત્રમાં ઊભો થયેલો કલહ તે શ્રેયને માટે નથી.' એ પ્રમાણે મારું કહેલું વચન ચિત્તમાં ધારી રાખ, લાંબા વિસ્તારથી સર્યું.

ત્યારે બીજો કોઈ એમ કહે છે કે હે ભાગ્યશાળી ! કોઈ ઠેકાણે તમારા તપાગચ્છીઓ વડે કરીને જ 'ખરતર ગચ્છને વિષે શ્રી અભયદેવસૂરિ, શ્રી જિનવલ્લભસૂરિ એમ લખેલું છે', તે વાત તમારે પ્રમાણ છે કે અપ્રમાણ છે ? ત્યારે તેને આ પ્રમાણે કહેવું કે-

હે ભાગ્યશાળી ! તે વાત અમને અપ્રમાણ જ છે, કારણકે અમને માન્ય એવા પૂર્વાચાર્યોના વચનથી વિરુદ્ધ હોવાથી તેમજ સુધર્મા આદિના વચનથી વિરુદ્ધ એવા વચનની જેમ. અમને એવા પૂર્વાચાર્યોના વચનથી વિરુદ્ધ હોવાથી-

''તેથી કરીને અમોને માન્ય આચાર્યો શ્રી સુધર્માસ્વામી આદિ આચાર્યોના વચનને અનુસરનારા એવા જગચ્ચંદ્રસૂરિ, શ્રી દેવેન્દ્રસૂરિ, શ્રી સોમસુંદરસૂરિ, શ્રી મુનિસુંદરસૂરિ, શ્રી આણંદવિમલસૂરિ આદિ અને તેમના કહેલા વચનને અનુસરવાવાળા બીજા જે કોઈ પણ તપાગચ્છીઓ છે, તેઓનું વચન પ્રમાણ છે, પરંતુ 'તપાગચ્છનું નામ' માત્ર ધારણ કરનારા અને શ્રી જગત્ચંદ્રસૂરિ વગેરેથી પરાઙ્મુખ એવા અથવા તેના કહેલા વચનના અનુપયોગી એવા અનાભોગવાળા એવા આત્માનું વચન અમોને પ્રમાણ નથી જ.'' જો આમ ન હોય તો દિગંબરોની આગળ શ્વેતાંબર નામધારી એવા તારું પણ વચન પ્રમાણ કરવાપણું થશે, અને તે અમોને અનિષ્ટ છે. એ પ્રમાણે સાંખ્ય આદિની આગળ તારે પણ જૈનનામધારી એવા દિગંબરોના વચનને પ્રમાણ કરવાપણું થશે, અને એ વાત તારે પણ અનિષ્ટ છે. માટે વધારે વિસ્તારથી સર્યું, એ પ્રમાણે ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથની અંદર ઔષ્ટ્રિકનું જે સંઘબાહ્યપણું કહ્યું છે તેના સાક્ષી ગ્રંથોની પૃચ્છામાં તો **સંઘપટ્ટક**ની વૃત્તિ બતાવવી જોઈએ, જેથી કરીને તે ગ્રંથની અંદર-

**'सङ्घत्राकृतचैत्यकूटपतितस्यान्तस्तरां ताम्यत-**
**स्तन्मुद्राहृढपाशबन्धनवतः शक्तश्च न स्पन्दितुम् ।**
**मुक्त्यै कल्पितदानशीलतपसोऽप्येतत्क्रमस्थायिनः,**
**सङ्घव्याघ्रवशस्य जन्तुहरिणव्रातस्य मोक्षः कुतः? ॥१॥**

**અર્થ :** સંઘે બનાવેલા ચૈત્યરૂપી જે પાશ તેની અંદર તારી મુદ્રાના દૃઢ પાશના બંધનવાળા એવા અને તેની અંદર અત્યંત પીડાતા અને ફરકી શકવાને પણ સમર્થ નથી એવાની મુક્તિ માટે કલ્પિત એવા દાન-શીલ-તપ આદિના ક્રમમાં રહેલા સંઘરૂપી વાઘના વશમાં પડેલા હરણીયાઓના ટોળાઓનો મોક્ષ કેવી રીતે થાય ? ॥૧॥

એ પ્રમાણે આ ૩૩મા કાવ્યની વૃત્તિમાં આજના (વર્તમાનકાલીન) સંઘની પ્રવૃત્તિના પરિહારવડે કરીને પોતાનું જે સંઘબાહ્યપણાનું પ્રતિપાદન કર્યું, તે એ લોકોને ભૂષણ છે, નહિ કે દૂષણ ? એમ વિચારીને પોતાના મોઢે જ પોતે પોતાનું સંઘબાહ્યપણું જણાવ્યું છે.

વળી આ કાવ્ય પણ તેના કર્તાને સંઘબાહ્ય અને સંઘદ્વેષી જણાવે છે. અને જો એમ ન હોય તો **સંઘને વાઘની ઉપમા વડે કરીને** વર્ણન કરવાનું ન થાત. આ પ્રમાણે ભાવિ શંકાને ઊભી થવાના નિરોધના ઉપાયને બતાવ્યો.

હવે મિથ્યાદૃષ્ટિ ગ્રંથનો કર્તા = બનાવનારો આત્મા, ચોથા ભાંગામાં વર્તતો છતાં પણ બે પ્રકારનો હોય છે. નિહ્નવ અને એ સિવાયનો. તે બંને પણ મિથ્યા=વિપરીત એટલે કે યથાર્થ વસ્તુને નહિ ગ્રહણ કરવાની દૃષ્ટિ છે જેની એવી વ્યુત્પત્તિવડે કરીને તે બંને પણ ઉન્માર્ગગામીપણાવાળા હોવાથી જિનપ્રવચનથી વિપરીત જ બોલે છે. તેમાં જે નિહ્નવ છે તે વચન માત્રે કરીને દૃષ્ટિનો વિપર્યાસ હોવાથી 'જિનપ્રણીત માર્ગને સ્વીકારીને' તેનાથી વિપરીત બોલે છે, જેવી રીતે ઉત્સૂત્રપદોદ્ઘાટનકુલક આદિ બનાવતાં જિનદત્તાચાર્યની જેમ. અને બીજો જે મિથ્યાદૃષ્ટિ છે તે વચનમાત્રે કરીને જિન પ્રવચનને સ્વીકાર્યા સિવાય જ વિપરીત બોલે છે. જેવી રીતે સાંખ્યાદિ. આમ મિથ્યાદૃષ્ટિ ગ્રંથકર્તા અને સમ્યગ્દૃષ્ટિ ગ્રંથકર્તા બતાવ્યો, એમ બંને દૃષ્ટિના ગ્રંથકર્તા બતાવ્યા.

અને આમ હોવા છતાં પણ તને ગુણોને વિષે મત્સર=ઈર્ષ્યાભાવ હોય તો હો; પરંતુ ખાનગીમાં જઈને આંખો બંધ કરીને વિચાર કરજે, કે જેથી કરીને સમ્યગ્‌માર્ગનું જ્ઞાન થાય. પૂજ્યશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે કહેલું છે કે-

**'गुणेष्वसूयां दधतः परेऽमी, मा शिश्रियन्नाम भवन्तमीशम् ।**
**तथापि सम्मील्य विलोचनानि, विचारयन्तां नयवर्त्म सत्यम् ॥१॥**

**અર્થ :** ગુણોને વિષે ઈર્ષ્યાભાવને ધારણ કરતાં એવા આ અન્યદર્શના આત્માઓ હે ભગવંત ! આપના નામનો આશ્રય ન કરે તો પણ આંખો મીંચીને સત્ય એવા નયમાર્ગનો વિચાર કરે.

**એ પ્રમાણે શ્રીમદ્‌ તપાગચ્છરૂપી આકાશને વિષે સૂર્ય સમાન આચાર્ય શ્રી વિજયદાનસૂરિજીના શિષ્ય ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિ વિરચિત ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકામાં** અરિહંત આદિની હીલના વડે કરીને જેને સમ્યક્ત્વ છોડી દીધું છે તે આત્માઓને ફરી સમ્યક્ત્વનું આરોપણ કરવા રૂપ **આ ત્રીજો અધિકાર પૂર્ણ થયો.**

**હવે ચોથા અધિકાર**માં ઔષ્ટ્રિકના મુખે કરીને જ ઔષ્ટ્રિકના ઉત્સૂત્ર વ્યવસ્થાપનનો પ્રકાર કહીએ છીએ. તેમાં પહેલાં જિનદત્તવડે કરીને સ્ત્રીઓને પ્રતિમા પૂજાનો નિષેધ કરાયો છે, તેનું કારણ ઉત્સૂત્ર કંદકુદ્દાલ ગ્રંથના અનુસારે જિનેશ્વર ભગવાનના મંદિરમાં જિનદત્ત વડે કરીને રુધિર પડેલું જોવાયું. ૧, ચામુંડિકની કિંવદંતી પ્રમાણે સ્ત્રીધર્મમાં આવેલી કોઈક સ્ત્રીના સ્પર્શ વડે કરીને પ્રતિમાનો વિનાશ થયો. ૨, અને કોઈક એમ કહે છે કે પ્રતિમાની પૂજા કરતી એવી સ્ત્રીને ઋતુધર્મની પ્રાપ્તિ થઈ. ૩.

આ ત્રણ વાતમાં ત્રણ વાત વિચારવાની છે. ૧. જિનદત્તનું સ્વરૂપ, ૨. સ્ત્રીનું સ્વરૂપ, ૩. પ્રતિમાનું સ્વરૂપ. તેમાં પહેલાં તો જિનદત્તની વિચારણા કરાય છે.

હે ચામુંડિકના છોકરા ! જિનાર્ચાનો નિષેધ કરતો એવો તારો જિનદત્ત, શું આગમવ્યવહારી હતો ? કે શ્રુતવ્યવહારી હતો ? તેમાં તે જિનદત્ત, આગમ વ્યવહારી નથી તે તો તું પણ જાણે છે, કારણ કે દશ આદિ પૂર્વોને ધારણ કરનાર, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવલજ્ઞાની આ બધામાં જ આગમવ્યવહારીપણું હોય છે. તેવી જ રીતે તેનામાં શ્રુતવ્યવહારીપણું પણ

નથી, 'નહિ કરેલા અથવા અવિધિએ કરેલા એવા અવશ્ય કરવા લાયક જે ધર્મકર્તવ્યો તેને વિષે તે ધર્મ કરનાર જાતિનો મૂળથી જ બહુશ્રુતધરોએ નિષેધ કરવો જોઈએ', એવું કોઈ પણ શ્રુતમાં લખાણ મળતું ન હોવાથી, પરંતુ 'ધર્મકૃત્યોનું પ્રાયશ્ચિત્ત સ્વીકારીને ફરી એ જ ધર્મની અંદર પ્રવર્તાવવા' એવી અનુજ્ઞાના દર્શન થતાં હોવાથી. જો આમ ન હોય તો અનાભોગે કરીને તારી આશાતના કરનારા એવા ભક્તો વડે કરીને તું દૂરથી જ છોડી દેવાને લાયક થઈશ, એ પ્રમાણે મહાસંકટમાં પડવાનું તારે જ થશે ! વાદી કહે છે કે-જિનદત્તાચાર્ય વડે 'સ્ત્રીઓને પ્રાયશ્ચિત્ત જ અપાયેલું છે', એમ કહેતો હોય તો આશ્ચર્યની વાત છે કે 'શ્રુત અને આગમ વ્યવહારથી શૂન્ય એવા ચામુંડિકને એવા પ્રકારના પ્રાયશ્ચિત્તનું દાન આપવું' એ યુક્ત જ છે, અને જો એવું પ્રાયશ્ચિત્ત ન આપે તો તેવા અજ્ઞ-મૂર્ખનું મૂર્ખચક્રવર્તિપણું કેવી રીતે જણાય ? કહ્યું છે કે-!!

**मुक्खो ताव महग्धो मोणं काऊण सयलमज्झंमि ।**
**जाव न खप्फस बसर खसप्फफससखसफसं कुणइ ॥१॥**

મૂર્ખ ત્યાં સુધી જ મહાર્ઘ્ય=પૂજનીય થાય છે કે બધાની અંદર મૌન કરીને બેસી રહે ત્યાં સુધી. પણ જો ખપ્પસ-બસર-ખસપ્પ-ફસ-ખસ-પસ. એવું ન બોલે તો !' એ પ્રમાણેનું વચન હોવાથી. એ પ્રમાણે પ્રાયશ્ચિત્ત દેવાનું હૃદયશૂન્ય જિનદત્ત સિવાય કોઈને પણ માટે અસંભવિત છે. પ્રવચનને વિષે કોઈ પણ ઠેકાણે આવા પ્રકારનું પ્રાયશ્ચિત્ત દેવાનું દેખાતું નથી.

જો આમ હોય ન હોય તો પ્રમાદ આદિના વશે કરીને પ્રતિમા આદિનો વિનાશ થવાના સ્વરૂપવાળી આશાતના, પુરુષોને પણ દેખાતી હોવાથી જિનદત્તે આપેલા પ્રાયશ્ચિત્તની જેમ પ્રાયશ્ચિત્ત દેવામાં 'મનુષ્યમાત્રે પણ પ્રતિમાનો સ્પર્શ નહિ કરવો' એવું થશે, અને તેવી રીતે બ્રહ્મવ્રત=ચારિત્ર આદિના એકના ભંગના કારણે તેની જાતિના બધાને તેના નિષેધના પ્રસંગ વડે તીર્થમાત્રનો પણ ઉચ્છેદ થશે, એ પ્રમાણે અભિનવ તીર્થંકરરૂપ એવો તારો ગુરુ, તેણે પોતે પોતાના ગળામાં ફાંસલો આવે છે તે પણ ન જાણ્યું.

અને આ જિનદત્ત કેવલ 'શાસ્ત્રનો અજ્ઞાની જ છે' એવું નહિ; પણ લોક વ્યવહારને પણ જાણતો નથી. લોકને વિષે પણ કોઈક વાત (વાયુ)

આદિ રોગ વિશેષના કારણે રસ્તામાં સ્ખલના પામતાં પુરુષને જોઈને તે માર્ગને વિષે તેની જાતિમાત્રને એ માર્ગે ગમન કરવાનો નિષેધ કરે છે' એવું બનતું નથી; પરંતુ કોઈક ઉપકારી પુરુષ, સ્ખલન પામતાં તે પુરુષને તૈયાર=આગળ કરીને યથાશક્તિ વીર્ય વડે તેને માર્ગમાં પ્રવર્તાવે છે.

તેવી જ રીતે કોઈ પણ ભવિષ્યકાળમાં મેલાં થશે, ફાટી જશે, સડી જશે. ઇત્યાદિ શંકા વડે કરીને જિનદત્ત સિવાય એવો બીજો કોઈ નથી કે તે સ્ત્રી-પુરુષના વસ્ત્રોનો ત્યાગ કરાવે ! વળી જે શ્રુતવ્યવહારી છે તે પરંપરાગત જે વસ્તુઓ છે તેને શ્રુતને અનુસરીને જુદી રીતે પ્રવર્તાવે અને તે તત્કાલીન બહુશ્રુતને સંમત હોય એવું પ્રવર્તાવે છે. જેવી રીતે પાંચમમાંથી ચોથનું પર્યુષણા પર્વ કાલિકાચાર્યે પ્રવર્તાવ્યું. તેનું તેવી રીતનું અનુકરણ સામાન્ય અને વિશેષ એમ બે રીતે હોય છે. જેમકે : **'अंतरावि अ से कप्पइ नो से कप्पइ तं रयणिं उवायणावित्तए'त्ति**

**અર્થ :** એટલે પર્યુષણાપર્વ, વચ્ચે પણ કરવું કલ્પે; પણ પાંચમની રાત્રિને ઓળંગવાની નહિ એ જે વચન છે તે સામાન્ય શ્રુતનું અનુસરણ છે.

**'वायणंतरे पुण अयं नवसयतेणऊएहिं काले गच्छति इइ दीसइ'त्ति** વળી વાચનાંતરે આ-૯૯૩મું વર્ષ જાય છે એમ દેખાય. એ વિશેષરૂપનું અનુસરણ છે, અને તત્કાલીન બહુશ્રુતસંમતપણું તો **'सव्वसंघेहिं अणुमन्निअं'त्ति**=એ વચનથી છે. જિનદત્તને તો તેમાંનું કાંઈ પણ નહોતું.

કોઈ પણ શ્રુતની અંદર 'પ્રતિમા આદિનો વિનાશ થયે છતે વિનાશ કરનારની જાતિના મનુષ્યોને પ્રતિમાનો સ્પર્શ કરવો યુક્ત નથી' એવું સામાન્ય વચન જોયું કે સાંભળ્યું નથી; પરંતુ પ્રતિમા કે પુસ્તકના નાશમાં નવીન બનાવવાથી શુદ્ધિ થાય છે', એ પ્રમાણે જોયું છે. તેવી જ રીતે 'અમુકકાલે જિનદત્તથી જિનેશ્વર પ્રભુની પૂજાનો નિષેધ થશે', એવું વિશેષ વચન પણ સાંભળ્યું કે જોયું નથી. તેમજ તત્કાલીન બહુશ્રુતધરોને સંમતપણું થયું એવું પણ નથી, પરંતુ પૂર્ણિમાની પાખીના પ્રવર્તક એવા ચંદ્રપ્રભસૂરિ વડે ચૌદશમાં પાખીનો નિષેધ કરાયો તેની જેમ, બહુશ્રુતધરોએ નિવારાયેલા છતાં પણ જિનદત્તવડે કરીને સ્ત્રીઓને જિનાર્ચાનો નિષેધ કરાયો છે ! અને તેનું નિવારણ

નથી થયું એમ નહિ, જો એવું ન હોય તો 'ઊંટ પર બેસીને જિનદત્તને કેમ પલાયન થવું પડ્યું ?

એમ પણ ન કહેવું કે તે કાલે કોઈ બહુશ્રુતધર નહોતા. એવું પણ નથી, તે કાલે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી વાદીદેવસૂરિ આદિ પ્રખર શ્રુતધરો હતા, તેમ સંભળાય છે. તેથી કરીને જિનદત્ત, શ્રુત વ્યવહારી પણ નથી, એ વાત સિદ્ધ થઈ.

હવે ચાર વૈદ્યના દૃષ્ટાંતે કરીને તારા જેવા મૂર્ખાને પણ આ વાત શ્રદ્ધાગમ્ય પ્રતીતિનો વિષય થાય છે, તે બતાવે છે, તેમાં જેને વ્યાધિ ઉત્પન્ન થયો છે તેવો ચતુર આત્મા, વૈદ્યને બોલાવીને પૂછે છે કે હે દેવાનુપ્રિય ! વૈદ્ય ! મને વ્યાધિ ઉત્પન્ન થયો છે, ત્યારે તે વૈદ્યે કહ્યું કે ક્યાંથી ઉત્પન્ન થયો? ત્યારે તેને કહ્યું કે અવિધિકૃત ભોજન કરવાથી જ થયો છે. ત્યારે **પહેલો વૈદ્ય** બોલે છે કે તને ભોજનથી વ્યાધિ ઉત્પન્ન થયો હોય તો તમારી જાતિના જેટલા બધા (મનુષ્યો) છે, તેઓને ભોજન કરવું યોગ્ય નથી, એથી કરીને તારા વડે તારી જાતિના સર્વે મનુષ્યોએ ભોજન ખાવું નહિ, ક્યારેક અવિધિએ ખાવાથી રોગની ઉત્પત્તિ થવાનો સંભવ હોવાથી.

ત્યારે **બીજા વૈદ્યે** કહ્યું કે જેને ભોજન કર્યું હતું તેને જ નિષેધ કરવો, નહિ કે તેની જાતિના બધા બીજાઓને પણ.

ત્યારે **ત્રીજા વૈદ્યે** કડવા આદિ ઔષધોવડે તેને સાજો કરે છે, અને ફરી ફરી આ વ્યાધિ ઉત્પન્ન ન થાય તેનો ઉપાય શીખવાડતો નથી.

અને **ચોથો વૈદ્ય** જેની વૈદક શાસ્ત્રની અંદર એક નિશ્ચિતમતિ છે, તેણે કોઈ એવી વિધિ વડે કરીને તેને એવી રીતે ખવડાવે છે કે જેથી કરીને પૂર્વે ઉત્પન્ન થયેલો વ્યાધિ શાંત થાય છે, અને નવો વ્યાધિ જીવનપર્યંત થતો નથી.

હવે આ ચાર વૈદ્યો છે તેમાં તું કદાગ્રહ છોડીને વિચાર કરતાં કહેજે કે 'કયા વૈદ્યના જેવો જિનદત્તાચાર્ય છે ?' જો પહેલાં વૈદ્યની જેવો છે તો તારા મુખે જ કરીને તારા તીર્થંકરરૂપ જે ચામુંડિક છે તેનું અગીતાર્થચક્રવર્તિપણું સિદ્ધ થયું. આ કહેવા વડે કરીને સ્ત્રી જિનાર્ચાના નિષેધનો તેને દોષ આપવા જેવો નથી, ગચ્છસામાચારી હોવાથી, એ વાતનો પણ નિરાસ કર્યો.

પ્રવચનને ઉપઘાત કરનારી પ્રવૃત્તિનું અવશ્ય તિરસ્કાર્યપણું હોવાથી, અને જે ગચ્છાન્તરીય સામાચારી છે તે પ્રવચનને અવિરોધી હોય તો દૂષિત

નથી, એમ જાણવું, પરંતુ પ્રવચનની ઉપઘાતિની હોય તો તે અવશ્ય તિરસ્કારને પાત્ર છે.

હવે ભગવતી સૂત્રની અંદર કહેલું છે કે : **'अत्थि णं भंते ! समणा निग्गंथा कंखामोहणिज्जं कम्मं वेदेंति' इत्यालापके 'पावयणंतरेहिं'त्ति** આ પદના લેશની વૃત્તિ આ પ્રમાણે છે, પ્રવચનને શીખતો હોય અથવા પ્રવચનને જાણતો હોય તો તે **પ્રાવચનિક**, એટલે કે કાલાદિની અપેક્ષાએ ઘણાં આગમોને જાણવાવાળો પુરુષ પ્રાવચનિક છે. તેમાં 'એક પ્રાવચનિક આ પ્રમાણે કહે અને બીજો પ્રાવચનિક આ પ્રમાણે કહે, તેમાં તત્ત્વ શું ?, એવી શંકાના સમાધાનમાં કહે છે કે 'ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમ વિશેષે કરીને અને ઉત્સર્ગ તથા અપવાદના ભાવિતપણાવડે કરીને પ્રાવચનિકોની વિચિત્ર પ્રવૃત્તિ હોય છે. તેથી કરીને 'આ સર્વથા પ્રમાણ છે' એમ નહિ, પરંતુ આગમ અવિરુદ્ધ પ્રવૃત્તિનું જ પ્રમાણપણું હોવાથી.

જો આમ ન હોય તો લોંકા-પાશચંદ્ર આદિની પણ પોતાની મતિકલ્પિત એવી જે સામાચારીઓ છે તેનું પણ પ્રામાણ્યપણું થઈ જાય. અને તે તને પણ અનિષ્ટ છે.

વળી આ સ્ત્રી જિનાર્ચાના નિષેધથી ઊભું થયેલું ફક્ત પાતક જ નથી, પરંતુ તીર્થંકર, ગણધર આદિઓને પણ ઉત્સૂત્રભાષીપણાના કલંકદાનવડે કરીને મહાપાતકીપણું છે. જેથી કરીને જિનદત્તે પોતે જ ઉત્સૂત્રપદોદ્‌ઘાટનમાં કહ્યું છે.

**'पूएइ मूलपडिमंपि साविआ चेइवासि सम्मत्तं ।**
**गब्भापहारकल्लाणगंपि न हु होइ वीरस्स' ॥१॥**

ચૈત્યવાસી શ્રાવિકા, મૂલ પ્રતિમાને પણ પૂજે છે, અને ચૈત્યવાસીમાં સમ્યક્ત્વ છે, અને મહાવીરદેવનું ગર્ભાપહાર કલ્યાણક પણ નથી.' આ ગાથા વડે કરીને 'સ્ત્રી જિનાર્ચાના પ્રકાશકો, ઉત્સૂત્ર ભાષીઓ છે.' એમ ધ્વનિત કરવા દ્વારા તીર્થંકર અને ગણધર આદિઓ સ્ત્રી જિનાર્ચા પ્રકાશકો છે, અને એથી કરીને તેઓને પણ ઉત્સૂત્રભાષીપણાના કલંકદાન કરવા વડે કરીને પોતે જ ઉત્સૂત્રભાષી થયો, તે ચામુંડિકની પાછળ લાગેલાઓનું ચાતુર્ય જ છે, વળી સોમચંદ્ર-અપરનામ જિનદત્ત તો આવા પ્રકારનો ઉત્સૂત્ર ભાષક થાય તે યુક્ત જ છે.

જેથી કરીને બાલ્યાવસ્થામાં પ્રવ્રજ્યાના દિવસે જ દિવ્યાનુભાવે જે ન હોય તેમ પોતાનું સ્વરૂપ પોતાના મુખે જ આણે=જિનદત્તે જણાવ્યું હતું. પરંતુ મોહવશ એવા તેના ગુરુએ સમ્યગ્ સ્વરૂપ જાણ્યું નહિ ! પ્રવચનની ભાવિ બાધાનું અવશ્ય ભાવિપણું હોવાથી. તે આ પ્રમાણે :

પ્રવ્રજ્યાસ્વીકારના પહેલે દિવસે જ સર્વદેવગણિવડે કરીને સોમચંદ્રમુનિ (જિનદત્ત) બહિર્ભૂમિ લઈ જવાયો હતો, અજ્ઞાનપણું હોવાથી તે સોમચંદ્રે ઉગેલા ઘાસના છોડવાઓને તોડ્યા, ત્યારે તેની શિક્ષા નિમિત્તે સોમચંદ્રનું રજોહરણ અને મુખવસ્ત્રિકાને સર્વદેવગણિએ લઈ લીધાં, અને કહ્યું કે 'તું વ્રત ગ્રહણ કર્યે છતે આ રોપાઓ કેમ તોડે છે ? તેથી કરીને તું તારા ઘેર જા.' ત્યારે તે વખતે જ ઉત્પન્ન થઈ છે બુદ્ધિ જેને એવા સોમચંદ્રે કહ્યું કે 'ગણિવડે યુક્ત કરાયું છે. પરંતુ મારી જે ચોટલી હતી તે અપાવો, જેથી કરીને હું ઘરે જાઉં.'

એ પ્રમાણે કહે છતે ગણિને આશ્ચર્ય થયું, 'અરે ! નાનો હોવા છતાં પણ તેનું સત્ય ઉત્તરદેવાપણું કેવું છે ? અને આને જવાબ શું આપવો ?' ઇત્યાદિ જિનદત્તનું વચન **સાર્ધશતક વૃત્તિ**માં કહેલું છે, તેમાં ઉગેલા ક્ષેત્રના દેશભાગનું તોડવા વડે કરીને 'હું ધર્મબીજથી અંકુરિત થયેલા એવા સંઘરૂપી ક્ષેત્રનું દેશભાગે તોડનારો થઈશ.' એમ જણાવ્યું અને રજોહરણ અને મુખવસ્ત્રિકા ખેંચી લેવામાં જે 'યુક્તિ યુક્ત સારું કર્યું' એ પ્રમાણેનું બોલવાવડે કરીને 'આ પ્રવ્રજ્યા મને અને પ્રવચનને શ્રેયઃકારી નહિ થાય' એ પ્રમાણે જણાવ્યું.

પરંતુ 'મારી ચોટલી હતી તે અપાવો, જેથી કરીને હું ઘરે જાઉં' એ વચનવડે કરીને 'મારે ઘરવાસ જ શ્રેય છે' એમ સૂચવ્યું, આવી વિચારણા કરવાને બદલે તે 'સારો ઉત્તર દેનારો થયો' એવી પ્રશંસા કરી !'બાલચેષ્ટા હોવાથી દોષ નથી' એવી શંકા ન કરવી. બાલ્યાવસ્થાની ચેષ્ટાવડે કરીને જ વૃદ્ધાવસ્થાની ચેષ્ટાનું અનુમાન થતું હોવાથી, અને કહેલું છે કે :

**'पीऊण पाणिअं सरवराण पिट्ठिं न दिंति सिंहिडिंभा ।**
**होही जाण कलावो ताणं चिअ एरिसा बुद्धी ॥१॥**

સરોવરનું પાણી પીધા પછી સિંહના બાલકો સરોવરને પીઠ આપતાં નથી, જેનામાં આવો જ્ઞાનકલાપ-ચતુરાઈ હોય છે તેને આવી બુદ્ધિ હોય છે.' અને એથી જ કરીને શ્રી મહાવીર પ્રભુના શિષ્ય અતિમુક્તકમુનિ વડે

ચાલતું અને બાંધેલા એવા પાણીમાં પાત્રને મૂકીને 'હે લોકો ! મારી નાવડી તરે છે જુઓ', એ ચેષ્ટા વડે કરીને પોતાના આત્માને તે જ ભવે સંસાર-સાગરને પાર ઉતરવાનું સૂચવ્યું, અને 'જે ચેષ્ટા દોષ સૂચક નથી અને ગુણસૂચક નથી' તે બધી ચેષ્ટા બાલ સાધારણ જાણવી. એમ શંકા નહિ કરવી કે 'અતિમુક્તક કુમારને પણ આ ચેષ્ટા સાધારણ થશે.' પ્રવ્રજિત એવા બાલકોનું અસાધારણપણું હોવાથી તેની ચેષ્ટા અસાધારણીય હોય અને તેથી કરીને પ્રવ્રજિત બાલકોની અંદર જિનદત્તની દોષ સૂચવનારી આ અસાધારણીય ચેષ્ટા છે, એમ જાણવું, એ પ્રમાણે જિનદત્તની ચર્ચા પૂરી થઈ.

હવે સ્ત્રી સ્વરૂપની ચર્ચા કરાય છે. હે ! ચામુંડિકના છોકરા ! મનુષ્ય સ્ત્રી જે છે તે, જિનપ્રતિમાની પૂજાને માટે યોગ્ય છે કે નહિ ? જો પહેલો વિકલ્પ કહેતો હોય તો ઉત્સૂત્ર પદોદ્‌ઘાટન કુલકને બનાવતા એવો જિનદત્ત શું મદિરા પીધેલો હતો ? કે જેથી કરીને 'સ્ત્રી જિનાર્ચા પ્રરૂપકોને ઉત્સૂત્ર ભાષીઓ છે' પ્રમાણે કહ્યું.

હવે બીજો વિકલ્પ યોગ્ય નથી, બીજા વિકલ્પમાં કેમ યોગ્ય નથી ? 'અપાવિત્ર્યપણું હોવાથી', એમ જો કહેતો હોય તો 'તે સ્ત્રીઓનું અપાવિત્ર્યપણું સાર્વત્રિક છે કે કદાચિત્ છે ?' જો 'સાર્વત્રિક છે' એ પ્રમાણે કહેતો હોય તો જ્ઞાન ભણવું-જ્ઞાન ભણાવવું, નવકારમંત્ર ગણવા, પ્રતિક્રમણ કરવું, પૌષધઆદિનું ગ્રહણ કરવું અને સાધુ આદિને દાન દેવું આદિ સર્વ ધર્મકૃત્ય સ્ત્રીઓને માટે ઉચ્છેદિત થઈ જશે.

હવે બીજા-'કદાચિત્ વિકલ્પ'માં તો પુરુષોને પણ તેવા પ્રકારના અપાવિત્ર્યનો સંભવ હોવાથી, ઔદારિક શરીરધારી માત્રને નિષેધનો પ્રસંગ ઉપસ્થિત થતો હોવાથી: તારું પણ ધર્મ ઉપદેશકપણું કેવી રીતે સંભવે ? આમ અત્યંત અઘટિતપણું થાય છે, એ પ્રમાણે **સ્ત્રીસ્વરૂપની ચર્ચા થઈ.** હવે પ્રતિમાનું સ્વરૂપ ચર્ચે છે.

●●●

હે જિનદત્તના છોકરા ! સ્ત્રીએ પૂજેલી પ્રતિમાઓ શું અપૂજ્ય છે અને અવંદનીય બને છે ? અથવા તો તે પ્રતિમાનો વિનાશ થાય છે ? 'પ્રતિમા અપૂજ્ય અને અવંદનીય બને છે' એ પહેલાં વિકલ્પની અંદર તારી નિશ્રાના

જે જિનચૈત્યો છે તેને પ્રવચનના પરમાર્થને નહિ જાણનારા એવા તારા સમુદાય સિવાયની જે ભોળી સ્ત્રીઓ, જિન પ્રતિમાની પૂજા કરે છે તેને કેમ નિષેધ નથી કરતો ? અને પ્રત્યક્ષ બાધ હોવાથી નિષેધ થઈ શકે એમ જ નથી.

વળી બીજી વાત એ છે કે-અમારા પ્રતિષ્ઠિત કરેલા-ચૈત્યની અંદર ચૈત્યવંદન માટે તારે પ્રવેશ કરવો યોગ્ય નથી. કારણ કે અમારા મંદિરોમાં સ્ત્રીઓવડે યથેષ્ટ પૂજા કરાતી હોવાથી. એમ જો કહેતો હોય કે-'તમારા ભયથી કરીને ત્યાં આવીએ છીએ' તો-

હે દેવાનુપ્રિય ! અમારા ચૈત્યની અંદર આવવાને આશ્રીને અમારા વડે તારું નામ પણ સ્મરણ કરાતું નથી, અને આ ખાત્રીમાં તું કહે તેવા સોગંદ લેવા તૈયાર છીએ, અને આ વિષયની અંદર ઈર્ષ્યા પણ નથી; પરંતુ તારા પ્રત્યેની અનુકંપાપરાયણ એવા અમોને પ્રીતિ જ છે. 'મારા પર અનુકંપા પરાયણ' એમ કેમ કહો છે ? એમ જો કહેતો હોય તો સાંભળ ! ત્યાં તે જિનમંદિરની અંદર અમારા ઉપદેશથી જાણેલો છે પ્રવચનનો પરમાર્થ જેણે એવી શાણી સ્ત્રીઓ વડે કરીને કરાતી એવી તીર્થંકર ભગવંતની પૂજાને જોઈને તે જિનપૂજાની નિંદામાં તત્પર એવા અને ભગવંતની પૂજાના વૈરી એવા તારું તે ચૈત્યમાં આવવું તે નરકના હેતુરૂપ એવો તને તીવ્રકર્મ બંધનો અનુબંધ થાય છે. તેથી કરીને તે કારણને નિવારવાવાળા એવા તારા વિષે અમે અનુકંપાવાળા જ છીએ એ તાત્પર્ય જાણવું.

હવે બીજા વિકલ્પમાં-સ્ત્રીઓ વડે પૂજાયેલી પ્રતિમાઓનો વિનાશ થતો દેખાતો નથી, પરંતુ પૂર્વે કહેલા વિસ્તારવડે તારી કલ્પેલી મતિએ કલ્પેલા તારા માર્ગનો વિનાશ થાય છે, એ પ્રમાણે **પ્રતિમાનું સ્વરૂપ ચર્ચ્યું.**

●●●

હવે એ પ્રમાણે ચતુષ્પર્વી સિવાયના અન્ય દિવસે જે પૌષધનો નિષેધ, તે પણ ઊભય સંધ્યાએ કરાતાં પ્રતિક્રમણની જેમ 'પૌષધ પ્રાયશ્ચિત્તરૂપ છે કે સંવરરૂપ છે ?' એ પ્રમાણેના વિકલ્પમાં ઊભયરીતે ઔષ્ટ્રિકના મુખે જ ઔષ્ટ્રિકનો તિરસ્કાર કરવો. એ પ્રમાણે બીજા વિકલ્પમાં ઉત્સૂત્રનો સમૂહ, પ્રવચનને વિષે ભક્તિ રસિક એવા આત્માઓએ 'આ પ્રવચન=જિનશાસન અમારા (પિતાનું) બાપનું છે' એ પ્રમાણે કહીને તિરસ્કાર કરવો પરંતુ ઉપેક્ષા કરવી નહિ.

હવે કોઈક ઔષ્ટ્રિકમતનો છોકરો 'આનું પાપ જિનદત્તને માથે' એવી કુબુદ્ધિએ કરીને ધિટ્ઠાઈનું આલંબન કરે છે તે અયુક્ત છે, જિનદત્તની અપેક્ષાએ કરીને જિનદત્તે પ્રકાશેલા ઉત્સૂત્રોના પ્રવર્તકને મહાપાપ છે, એ પ્રમાણે બીજું પણ તેનું અસત્ય કહેલું વચન સાંભળીને પરોપકારમાં તત્પર એવા બુદ્ધિમાનો વડે કરીને સારા ઉત્તરની બુદ્ધિએ તેનો વિચાર કરવો.

**श्रीविजयदानसूरीनापृच्छ्यापृच्छ्य शास्त्रसम्मत्या ।**
**औष्ट्रिकमत उत्सूत्रोद्भुतान्धकारप्रणाशपरा ॥१॥**
**श्रीवीरशासनस्नेहसिक्ता ह्याशासनस्थितिः ।**
**जीयाद् दुर्वाग्वचोवातैरक्षोभ्या दक्षहस्तगा ॥२॥**
**मुनीन्दुषट्क्षमावर्षे (१६१७) हर्षात् शोभालये पूरे ।**
**धर्मसागरसञ्ज्ञेन, निर्मिताऽऽशु प्रदीपिका ॥३॥ त्रिभिर्विशेषकम् ॥**

શ્રી વિજયદાનસૂરિજી મ.ને પૂછી પૂછીને, શાસ્ત્રની સંમતિએ કરીને ઔષ્ટ્રિકમતનું જે ઉત્સૂત્ર તેનાથી ઉત્પન્ન થયેલો જ અંધકાર તેનો નાશ કરવામાં તત્પર એવા શ્રી મહાવીર દેવના શાસનના સ્નેહ=તેલથી સીંચાયેલી અને આશાસનની સ્થિતિ સુધી રહેવાવાળી, દુર્જનોની વાણીરૂપી જે વાયરો તેના વડે કરીને પણ અક્ષોભ્ય એવી પંડિતના હાથમાં રહેલી આ દીપિકા-ચિરકાલ જયવંતી વર્તો.

૧૬૧૭ની સાલમાં હર્ષથી શોભાપુરમાં અથવા શોભાના સ્થાનરૂપ એવા હર્ષપુર નગરમાં ધર્મસાગર નામના ઉપાધ્યાયે આ પ્રદીપિકા જલ્દી બનાવી.

**એ પ્રમાણે શ્રીમત્ તપાગચ્છરૂપી આકાશમાં સૂર્ય જેવા શ્રી વિજયદાનસૂરીશ્વરજીના શિષ્ય ઉપાધ્યાય શ્રી ધર્મસાગર ગણિએ બનાવેલ 'ઔષ્ટ્રિકમતોત્સૂત્ર પ્રદીપિકા'માં ઔષ્ટ્રિક મતના ઉત્સૂત્રનું ઔષ્ટ્રિકના મુખે જ વ્યવસ્થાપના લક્ષણ ચોથો અધિકાર પૂર્ણ થયો.**

**અનુવાદકની પ્રશસ્તિ :** પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય સુગૃહીતનામધેય આગમમંદિરોના સ્થાપક-આગમોદ્ધારક-આગમવાચના દાતા-શૈલાનાનરેશ પ્રતિબોધક-**જિનશાસનસમ્રાટ**-ધ્યાનસ્થસ્વર્ગત શ્રી શ્રી શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી **આનંદસાગરસૂરીશ્વર** પટ્ટદિવાકર-વર્ધમાનાચામ્લ તપોનિષ્ણાત-વૈરાગ્યવારિધિ-

માલવદેશોદ્ધારક પૂ. આચાર્યશ્રી **ચંદ્રસાગરસૂરિ** પટ્ટાલંકાર-નૂતનતિથિ-પથોન્મૂલક-દેવસૂરતપોગચ્છ સામાચારી સંરક્ષક-વાદિવિજેતા-**શાસનકંટકોદ્ધારક** પૂજ્ય ગુરુવર્ય **શ્રી હંસસાગરસૂરિ** પાદપદ્મસેવી નરેન્દ્રસાગરસૂરિએ વિક્રમ સંવત ૨૦૫૮ના શ્રાવણ શુદિ પંચમીના દિવસે પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય-જિનશાસન સૌધસ્તંભાયમાન પૂ. મહામહોપાધ્યાય **શ્રી ધર્મસાગરજી ગણિ પ્રવર** વિરચિતા **'ઔષ્ટ્રિકમતોત્સૂત્રપ્રદીપિકા'** ગ્રંથનો અનુવાદ પૂર્ણ કર્યો છે અને આ અનુવાદની કોપી, પ્રેસકોપી, સંશોધન કોપીઓ કરવામાં ગચ્છાધિપતિ સ્વર્ગત પૂ. આ. શ્રી હેમસાગરસૂરિજી મ. ના શિષ્ય **મુનિરાજશ્રી મહાભદ્રસાગરજીએ** જે જહેમત ઉઠાવી છે તે ચિરસ્મરણીય રહેશે.

આ અનુવાદમાં છદ્મસ્થ સુલભતાદિ કારણે ગ્રંથકારના આશય વિરુદ્ધ કાંઈ લખાઈ જવા પામ્યું જણાય તો સુજ્ઞ વાચકો તે તરફ મારું ધ્યાન અવશ્ય દોરે એવી અભ્યર્થના.

**॥ ઇતિ ઔષ્ટ્રિકમતોત્સૂત્રપ્રદીપિકા**

**ટીકાનો ગૂર્જર અનુવાદ સમાપ્ત ॥**

## महोपाध्यायश्रीधर्मसागरगण्युपज्ञम्

# औष्ट्रिकमतोत्सूत्रोप्रदीपिकाकुलकम्

पणमिय वीरजिणिंदं सुरिंदपूइअपयारविंदजुअं । उट्टिय-मयउस्सुत्तं दंसेमि गुरूवएसेणं ॥१॥ तं उस्सुत्तं चउहा परूवणा-भेअओ भवे एव । नूणा १ ऽहिआ २ ऽजहट्ठाण ३ किरिअम-जहत्थकरणं च ॥२॥ तत्थाइमं च इत्थीजिणपूअनिसेहणं च १ जिणभवणे। नट्टइनच्चनिसेहो २ मासकप्पस्स वुच्छेओ ३ ॥३॥ मोत्तूणं चउपव्विं पोसहपडिसेहणं च तस्स मए ४। छट्ठाइतवुच्चरणं पढमदिणे तेण पडिसिद्धं ५ ॥४॥ गिहिणो पाणागारोच्चारनिसेहो अ तम्मए भणिओ ६। सावयपडिमाधम्मो वुच्छिन्नोऽत्थि त्ति तव्वयणं ७ ॥५॥ अंबिलपच्चक्खाणे दव्वदुगऽहिआण गहणपरिहरणं८। पोसहि-अगिलाणाणं भोअणपडिसेहणं च कयं ९ ॥६॥ पोसहि-असावयाणं जिणभणिअ तिकालदेववंदणयं। तत्थ उभयं चइत्ता मज्झण्हे चेव देववंदणयं १० ॥७॥ आयरियं मोत्तूणं न जुज्जइ पइट्ठपमुहमहकिच्चं ११। इच्चाइ नूणकिरिया उस्सुत्तं तम्मए णेयं(१) ॥८॥ अह बीयमहिअकिरियं रयणीपोसहिअ रत्तिअवसाणे । सामइयं कायव्वं१ इअ भणिअं तेण मूढेण ॥९॥ सामाइअं कुणंतस्सति अनमुक्कार तिदंडउच्चरणं २। उवहाणुव्वहणं पुण जइणो गिहिणो व्व इहमहिअं ३ (२) ॥१०॥ अह अजहठाणकिरिया तइअं उस्सुत्तमत्थि दुत्थमए। काऊणं सामइअं इरिआवहि-आपडिक्कमणं ॥११॥ पक्खियपडणे पुण्णिम पक्खिअपडिकमणमजहठाणम्मि २। वुड्ढीए पढमतिहि पक्खिअमेअस्स कुविगप्पो ३ ॥१२॥ सावणवुड्ढीए पुण पज्जोसवणंपि सावणे तस्स४। भद्दवयवुड्ढि पढमे भद्दवए तेण तं वुत्तं ५ (३) ॥१३॥ अह वत्थुवितहभणणं चउत्थमुस्सुत्तमेव तस्स

मए । गब्भापहाररूवं छट्ठं कल्लाणगं वीरे१ ॥१४॥ इहलोगस्स निमित्तं जिणवरभोगाइमाणणं अत्थि । लोउत्तरमिच्छत्तं न होइ तस्सेवमुवएसो २ ॥१५॥ एवं चामुंडाईआराहणमत्थि नत्थि किर दोसो। बलिबक्कुलाइविहिणा पंचनईसाहणं च पुणो ३ ॥१६॥ पज्जुसिअविदलमाईगहणम्मि न तस्स दोसपडिवत्ती४ । दोसस्सवि पडिवत्ती ससमणसमणी विहारम्मि ५॥१७॥ एवं चामुंडि-अमयउस्सुत्तं दंसिअं मए चउहा । लहिऊणं गुरुवयणं तुरियं निअ-बोहणट्ठाए ॥१८॥

इत्यौष्ट्रिकमतोत्सूत्रोद्धाटनकुलकं सम्पूर्णम् ।
महोपाध्यायश्री६ धर्मसागरगणिकृतं ॥ श्रीः ॥

卐 卐 卐

## ॥ औष्ट्रिकमतोत्सूत्रोद्‌घाटनकुलकावचूरिः ॥

ॐ नमः । सुरेन्द्रैः पूजितं पदारविंदयुगं यस्य स तमेवंविधं वीरजिनेन्द्रं प्रणम्य 'औष्ट्रिकमतोत्सूत्रं' खरतरमतोत्सूत्रं गुरूपदेशेन दर्शयामीति ॥१॥ तदेतदुत्सूत्रं प्ररूपणाभेदतश्चतुर्द्धा भवेत्, 'द्वन्द्वान्ते श्रूयमाणं पदं प्रत्येकमभिसम्बध्यत' इति न्यायात् क्रिया-शब्दस्य प्रत्येकमभिसम्बन्धः, 'नूणाहिअ'त्ति न्यूनक्रिया१ अधिक-क्रिया२ अयथास्थानक्रिया३ चेति त्रयम्, चतुर्थं चायथार्थकथनं वस्तुन ४, इति गम्यं, चः समुच्चये ॥२॥ तत्रादिमं च न्यूनक्रिया-रूपमुत्सूत्रं स्त्रीजिनपूजानिषेधः१ जिनभवने नर्त्तकीनृत्यनिषेधः२ मकारस्यालाक्षणिकत्वात् 'मासं कप्पस्स वुच्छेउ'त्ति मास-कल्पस्य व्युच्छेदः३ ॥३॥ तस्य मते चतुष्पर्व्वीं विना पौषध-प्रतिषेधनं४ प्रथमदिने षष्ठादितपउच्चरणं प्रतिषिद्धं५ आदिशब्दा-दष्टमदशमादि-परिग्रहः६ ॥६॥ गृहिणः 'पाणस्से' त्याकारोच्चार-

निषेधः६ ॥ तन्मते भणितः, श्रावकप्रतिमाधर्म्मो व्युच्छिन्नोऽस्तीति तद्वचनं चामुण्डिवचनं७ ॥४॥ आचामाम्लप्रत्याख्याने, गृहिण इति गम्यं, द्रव्यद्वयाधिकानामर्थाद् द्रव्याणां ग्रहणपरिहरणं८, 'पोषधिकग्लानानां' पोषधिकानां मध्ये ग्लानाअसमर्थाः क्षुधं सोढुमशक्ता इति यावत् तेषां भोजनप्रतिषेधनं च कृतं१, पौषधिकश्रावकाणां 'जिनेन' तीर्थकृता भणितं त्रिकालदेववन्दनकमस्ति, तत्र प्रातः सन्ध्यायां चेत्युभयं त्यक्त्वा, चैव एवकारार्थे, मध्याह्ने एव देववन्दनकं१० ॥७॥ आचार्यं मुक्त्वा न युज्यते प्रतिष्ठाप्रमुखं महःकृत्यं महोत्सवकृत्यं११, आदिशब्दान्मालाकोपणादिपरिग्रह१२ इत्यादि न्यूनक्रियारूपमुत्सूत्रं ज्ञेयम्, आदिशब्दाद्गोचर्यादौ पटलकग्रहणनिषेधादिकं१३ मन्तव्यं ॥८॥ **अथाधिकक्रियारूपमुत्सूत्रं**, तथाहि-'रयणीपोसहिअ'त्ति विभक्तिलोपाद्रजनीपोषधिकेन रात्रिपश्चिमप्रहरे सामायिकं कर्त्तव्यमिति तेन मूढेन भणितं१ ॥९॥ सामायिकमुपलक्षणात्पोषधं च कुर्वतः श्राद्धस्य नमस्कारत्रयपूर्वकं दण्डकोच्चरणमर्थात् त्रिवारमिति॥२, यतेः गृहिण इवोपधानोद्वहनमिहाधिकं३, उपलक्षणात्प्रतिदिवसं विशेषतः पाक्षिकचातुर्मासादिपर्व्वदिवसेषु च जलच्छटाक्षेपादिना शौचाचाराद्यपि बोध्यम्४ ॥१०॥ **अथायथास्थानक्रियारूपमुत्सूत्रं** दुःस्थमतेवराकमते वर्त्तत इति गम्यं, तथाहि-सामायिकं कृत्वा ईर्यापथिकीप्रतिक्रमणं१, अयथास्थानत्वं च स्वस्थानपरावृत्त्या भवति, तथाहि-'ईर्यायाः स्थानं सामायिककरणात्पूर्वसमयः, सामायिकस्य च स्थानमीर्याप्रतिक्रान्त्यनन्तरः समयः, तयोर्विपर्ययत्वं१ ॥११॥ पाक्षिकपाते पूर्णिमायां पाक्षिकप्रतिक्रमणं, अयथास्थाने ज्ञेयमिति गम्यं२, वृद्धौ च प्रथमतिथिः पाक्षिकमित्येतस्य खरतरस्य कुविकल्पः३ ॥१२॥ श्रावणमासवृद्धौ श्रावणमास एव 'पज्जुसवणं'ति पर्युषणापर्व४ 'अपिः' एवार्थे

द्रष्टव्यः, भाद्रपदवृद्धौ प्रथमभाद्रपदे तेन औष्ट्रिकेन 'तत्' पर्युषणापर्व उक्तं ५ ॥१३॥ अथ 'वस्तुवितथभणनं' वस्तुस्वरूपस्य विपरीतभाषणं चतुर्थमुत्सूत्रं, 'एवं' वक्ष्यमाणप्रकारेण एतस्य-चामुण्डिकस्य 'तत्र' वीरे गर्भापहाररूपं षष्ठं कल्याणं१ ॥१४॥ 'इहलोकस्य निमित्तं' इहलोकार्थं जिनवरभोगादिमाननमस्ति, परं लोकोत्तरमिथ्यात्वं न भवति, एवमेतस्योपदेशः२ ॥१५॥ 'एवं' अमुना प्राकरेण चामुण्डाद्याराधनमस्ति, आदिशब्दात् क्षेत्रपालाद्यपि, नास्ति किल दोषः, तथा बलिबक्कुलादिविधिना पञ्चनदीसाधनं३, च पुनः ॥१६॥ पर्युषितद्विदलादिग्रहणे तस्य दोषप्रतिपत्तिः-दोषाङ्गीकारो नास्ति, आदिशब्दात् पर्युषितपूपिकादिग्रहणं४, 'अपि' पुनर्दोषस्य प्रतिपत्तिरङ्गीकारोऽपि, क्व?-सश्रमणश्रमणीविहारे ससाधुसाध्वीविहार इत्यर्थ ५॥ एवमुपलक्षणात् सांगरिकबुब्बूलादीनां द्विदलत्वेनोपदेशोऽपि वस्तुवितथभणनं ज्ञेयमिति६। अत्र यद्यपि प्रागुक्तास्त्रयोऽपि प्रकाराश्चतुर्थेऽन्तर्भवन्ति, सर्वेषामपि वितथवस्तुप्ररूपणारूपत्वात्, तथापि क्रियाया आधिक्ये तावन्न कश्चिद्दोषः प्रत्युताप्रमत्तेति कस्यचिन्मुग्धस्य व्यामोहो भवति तद्व्युदासार्थं भेदकथनं, तथा च न्यूनाधिकक्रिययोरुत्सूत्रत्वमाश्रित्य तुल्यतेति भावः ॥१७॥ एवं-प्रागुक्तप्रकारेण 'चामुण्डिकमतोत्सूत्रं' 'गुरुवचनं' श्रीविजयदानसूरीश्वरवचनं 'लब्ध्वा' अवाप्य 'मया' धर्म्मसागरेण दर्शितं, किमर्थं? 'त्वरितं' शीघ्रं 'निजबोधनार्थम्' आत्मज्ञानार्थमिति ॥१८॥ इत्यौष्ट्रकमतोसूत्रोद्घाटनकुलकस्य शब्दार्थमात्रावचूरिः । लिखि गणिश्री सौभाग्येण ॥ श्रीरस्तु॥

॥ औष्ट्रिकमतोत्सूत्रोद्घाटनकुलकावचूरिःसमाप्ता ॥

**ભરત ગ્રાફિક્સ**
ન્યુમાર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૩૪૧૭૬, ૨૧૨૪૭૨૩